RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 331* Date: 28.09.2020 Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### મન કી બાતમાં વડાપ્રધાન મોદીએ કહ્યું

## ખેડૂત મજબૂત હશે ત્યારે આત્મનિર્ભર બનશે ભારત



ન્યુ દિલ્હી,તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે 'મન કી બાત'નો ૬૯મો એપિસોડ લઈને આવ્યા છે. તેમણે કોરોના વાયરસ મહામારીથી જીવનમા આવેલા બદલાવનો ઉલ્લેખ કરતા કહ્યું કે પરિવારનું મહત્વ હવે સમજાઈ રહ્યું છે. તેમણે લોકડાઉનમાં પસાર કરાયેલી પળોને યાદ કરી. પ્રધાનમંત્રીએ વાર્તા સંભળાવાની કલાનો ઉલ્લેખ કરતાં કહ્યું કે 'વાર્તાઓનો ઈતિહાસ એટલો જૂનો છે જેટલી કે માનવ સભ્યતા'. તેમણે હિતોપદેશ અને પંચતંત્રનો ઉલ્લેખ કરતાં કહ્યું કે વાર્તાઓથી વિવેક અને બુદ્ધિમતાનો સંદેશ આપ્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 'બેંગલુરૂ સ્ટોરી ટેલિંગ' ગ્રૂપમાંથી એક વાર્તા સંભળાવાની દરખાસ્ત કરી. તેમણે રાજા કૃષ્ણદેવ રાયની એક વાર્તા સંભળાવી જેમાં તેનાલીરામનો પણ ઉલ્લેખ હતો. પ્રધાનમંત્રીએ કહ્યું કે કોરોના સંકટ કાળમાં કૃષિ ક્ષેત્રે પોતાનું દમખમ દેખાડ્યું છે. દેશના ખેડૂત, ગામડાં જેટલા મજબૂત થશે દેશ એટલો આત્મનિર્ભર બનશે. પ્રધાનમંત્રીએ કહ્યું કે ખેડૂતોની મજબૂતીથી જ આત્મનિર્ભર ભારતનો પાયો નંખાશે. ખેડૂત મજબૂત હશે તો ભારત આત્મનિર્ભર બનશે.

પીએમે કહ્યું કે આપણે ત્યાં કહેવાય છે કે જે જમીનથી જોડાયેલ હોય છે તે મોટા-મોટા તોફાનોમાં પણ અડગ રહે છે. કોરોનાના આ સંકટ સમયમાં આપણા કૃષિ ક્ષેત્ર, આપણા ખેડૂત તેનું જીવંત ઉદાહરણ છે. આજે ખેડૂતોને પોતાની મરજીથી ઉપજ વેચવાની આઝાદી મળી છે. કેન્દ્ર સરકારે તાજેતરમાં કૃષિ સાથે જોડાયેલા ત્રણ બિલ લઈને આવ્યું જે તેનો ખૂબ વિરોધ થઈ રહ્યો છે. મન કી બાતમાં મોદીએ ખેડૂતોના અનુભવોને શેર કરતાં નવી જોગવાઈ અંગે જણાવ્યું. તેમણે કહ્યું કે મને કેટલાંય એવા ખેડૂતોની ચિઠ્ઠીઓ મળી છે, ખેડૂક સંગઠનો સાથે મારી વાત થઈ છે જે બતાવે છે કે કેવી રીતે ખેતીમાં નવા-નવા આયામો જોડાઈ રહ્યા છે, કેવી રીતે ખેતીમાં બદલાવી આવી રહ્યો છે. હરિયાણાના સોનીપત જિલ્લાના અમારા એક ખેડૂત ભાઈ શ્રી કંવર ચૌહાણજી છે. તેમણે કહ્યું કે એક સમય હતો જ્યારે તેઓ મંડીમાંથી બહાર પોતાના ફળ અને શાકભાજી વેચવામાં ખૂબ મુશ્કેલી પડતી હતી. જો તેઓ મંડીમાંથી બહાર પોતાના ફળ અને શાકભાજી વેચતા હતા તો કેટલીય વખત તેમના ફળ, શાકભાજી અને ગાડીઓ સુદ્ધાં જપ્ત થઈ જતુ હતુ. પરંતુ ૨૦૧૪મા ફળ અને શાકભાજીને એપીએમસી એકટમાંથી બહાર કરી દેવાયા. તેનો તેમને અને તેમના આસપાસના ખેડૂતોને ખૂબ ફાયદો થયો. આજે શ્રી કંવર ચૌહાણ જી અને તેમના ગામના ખેડૂત સ્વીટ કોર્ન અને બેબી કોર્નની ખેતી કરીને અઢી થી ત્રણ લાખ પ્રતિ એકર વાર્ષિક કમાણી કરી રહ્યા છે. એક સો એક વર્ષ જૂની વાત છે. ૧૯૧૯નું વર્ષ હતું. અંગ્રેજી હૂકુમને જલિયાંવાલા બાગમાં નિર્દોષ લોકોની કત્લેઆમ કરી હતી. આ નરસંહાર બાદ એક ૧૨ વર્ષનો છોકરો આ ઘટનાસ્થળ પર ગયો. તે ખુશમિજાજ અને ચંચલ બાળક પરંતુ તેણે જલિયાંવાલા બાગમાં જે જોયું તે તેની સમજની બહાર હતું. તે સ્તબ્ધ હતો, એ વિચારીને કોઈ પણ આટલું નિર્દયી કેવી રીતે હોઈ શકે છે. તે માસૂમ ગુસ્સાની આગમાં સળગવા લાગ્યો હતો. તેણે જલિયાંવાલા બાગમાં તેને અંગ્રેજી શાસનની વિરૂદ્ધ લડવાના સોગંદ ખાધા. શું તમને ખબર પડી ગઈ કે હું કોની વાત કરી રહ્યો છું? હા, હું શહીદ વીર ભગતસિંહની વાત કરી રહ્યો છું. આવતીકાલે ૨૮મી સપ્ટેમ્બરના રોજ આપણે શહીદ વીર ભગત સિંહની જયંતિ મનાવીશું.

### મોદીએ કહ્યું- તેમને અલગ પ્રકારના રાજકારણ માટે હંમેશા યાદ કરવામાં આવશે

## પૂર્વ રક્ષામંત્રી જસવંત સિંહનું નિધન,પીએમ મોદીએ આપી શ્રદ્ધાંજલિ

ન્યુ દિલ્હી,તા.૨૭

પૂર્વ કેબિનેટ મંત્રી અને ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના સંસ્થાપક સભ્યોમાંથી એક જસવંતસિંહનું નિધન થયું છે. તેઓ ૮૨ વર્ષના હતા અને છેલ્લાં છ વર્ષથી કોમામાં હતા. પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના નેતૃત્વવાળી સરકારમાં તેમણે ૧૯૯૬ થી ૨૦૦4 દરમિયાન રક્ષા, વિદેશ અને નાણાં મંત્રાલયોની જવાબદારી સંભાળી હતી. ૨૦૧૪માં ભાજપે સિંહને બાડમેરથી લોકસભાની ચૂંટણી માટે ટિકિટ આપી ન હતી. ગુસ્સે ભરાયેલા જસવંત પાર્ટી છોડીને અપક્ષ તરીકે લડ્યા પણ હારી ગયા. તે જ વર્ષે તેમને માથામાં ગંભીર ઇજાઓ થઈ હતી ત્યારથી તેઓ કોમામાં હતા.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે સવારે લગભગ આઠ વાગ્યે ટ્વિટ કરીને સિંહને શ્રદ્ધાંજલિ આપી. તેમણે લખ્યું કે જશવંત સિંહના રાજકારણ અને સમાજ પ્રત્યેના તેમના અનોખા દષ્ટિકોણ માટે યાદ કરવામાં આવશે. મોદી સિવાય રક્ષા મંત્રી રાજનાથસિંહે પણ સિંહના નિધન પર ટ્વીટ કર્યું છે. રક્ષામંત્રી રાજનાથસિંહે લખ્યું કે ભાજપના દિગ્ગજ નેતા અને પૂર્વ મંત્રી જસવંત સિંહના નિધનથી મને ખૂબ દુઃખ થયું છે.

તેમણે રક્ષા મંત્રી સહિત ઘણા મહત્વના હોદ્દા પર દેશની સેવા કરી હતી. મંત્રી અને સાંસદ તરીકેનો તેમનો કાર્યકાળ યાદગાર રહ્યો છે. જસવંત સિંહને તેમને તેમની બૌદ્ધિક ક્ષમતા અને દેશસેવાના શાનદાર રેકોર્ડ માટે યાદ કરવામાં આવશે. તેમણે રાજસ્થાનમાં ભાજપને મજબૂત બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આ દુઃખની ઘડીમાં તેમના પરિવાર અને સમર્થકોના પ્રત્યે સંવેદનાઓ.

અટલ બિહારી વાજપેયી સરકારમાં સિંહ કપડા મંત્રી પણ રહ્યાં હતા. ૨૪ ડિસેમ્બર ૧૯૯૯ના રોજ ઈન્ડિયન એરલાઈન્સના ફ્લાઈટ નંબર આઈસી-૮૧૪ને હાઈજેક કરીને અફઘાનિસ્તાનથી કંધાર લઈ જવામાં આવ્યું હતા. મુસાફરોને બચાવવા માટે ભારત સરકારે ત્રણ આતંકીઓને છોડવાની ફરજ પડી હતી. જે આતંકીઓને છોડવામાં આવ્યા હતા,તેમાં મુશ્તાક અહમદ જરગર, અહમદ ઉમર સઈદ શેખ અને મૈલાના મસૂદ અઝહર સામેલ હતા. આ



આતંકીઓને લઈને જસવંત સિંહ કંધાર ગયા હતા. ૧૯૯૮માં પરમાણુ પરીક્ષણ પછી અમેરિકાએ ભારત પર સખ્ત પ્રતિબંધ લગાવ્યા હતા. ત્યારે જસવંતે જ અમેરિકા સાથે વાતચીત કરી હતી. ૧૯૯૯માં કારગિલ યુદ્ધ દરમિયાન પણ તેમની મહત્વની ભૂમિકા રહી હતી. ૨૦૧૨માં ભાજપે તેમને ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનાવ્યા હતા, જોકે તેમને યુપીએના હામિદ અંસારીના હાથે હારનો સામનો કરવા પડ્યો હતો. જસવંતે તેમના પુસ્તકમાં મુહમ્મદ અલી ઝીણાની પ્રશંસા પણ કરી. ભાજપે તેમને પાર્ટીમાંથી કાઢી નાખ્યા હતા. ૨૦૧૦માં તેઓ ફરીથી ભાજપમાં પરત ફર્યા. ૨૦૧૪માં તેમને ભાજપે લોકસભાની ચૂંટણીની ટિકિટ ન આપી. તેમની બાડમેર સીટ પરથી ભાજપે કર્નલે સોનારામ ચૌધરીને ઉતાર્યા હતા. તે પછી ફરીથી જસવંતે ભાજપ છોડી દીધી હતી. અપક્ષ તરીકે ચૂંટલી લડી હતી પરંતુ હારી ગયા હતા. આ વર્ષે તેમને માથમાં વાગ્યું હતું. તે પછીથી જસવંત કોમામાં હતા.

## માઇનસ ૪૦ ડિગ્રીમાં દુશ્મનનો ખાતમો કરનાર ટી-૯૦ અને ટી-૭૨ ટેક્ક લદાખમાં તૈનાત

લદ્દાખ,તા.૨૭

સરહદ પર ચીનની તરફથી ફેંકાતા પડકારો સામે ભારતીય સેના સંપૂર્ણપણે તૈયાર છે. પૂર્વ લદ્દાખ જેવા દુર્ગમ વિસ્તારોમાં ટી-૯૦ અને ટી-૭૨ ટેક્કોને પહોંચાડી દેવામાં આવી છે. આવા વિસ્તારોમાં દુનિયાનો કોઈ દેશ ટેક્ક તૈનાત કરી શકયું નથી. લાઇન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલને અડીને આવેલા ચૂમર અને ડેમચોક વિસ્તારોમાં આ ટેક્કોની તૈનાતીથી ચીનનું ટેન્શન વધવાનું નક્કી છે. ભારતે બીએમપી-૨ ઈન્ફન્ટ્રી કોમ્બેટ વાહનો એમએસી પાસે તૈનાત કર્યા છે. તેઓ માઈનસ ૪૦ ડિગ્રી તાપમાનમાં પણ સરળતાથી કામ કરી શકે છે. એટલે કે જો ચીનની સેનાએ લદાખના બરફીલા મેદાનોમાં કોઈ ગુસ્તાખી કરી તો આ ટેક્ક આગ ઓકવાનું શરૂ કરી દેશે. ભારતે લદાખમાં જે ટી-૯૦ ટેક્કોની તૈનાતી કરી છે તે મૂળ રશિયામાં બનાવવામાં આવી છે. ભારત ટેક્કોનો ત્રીજો સૌથી મોટો ઓપરેટર છે. તેના કાફલામાં લગભગ સાડા ચાર હજાર ટેક્કનો સમાવેશ થાય (ટી-૯૦ અને તેના ર્ઝન, ટી -૭૨ અને અર્જુન) છે.

ભારતમાં આ ટેક્કોને 'ભીષ્મ' નામ આપવામાં આવ્યું છે. તેમાં ૧૨૫એમએમની બંદૂક લાગેલી છે. લદાખ જેવા વિસ્તારમાં ૪૬ ટન વજનવાળી આ ટેક્કને પહોંચાડવી સરળ કામ નહોતું. તે પોતાના બેરલમાંથી એન્ટી-ટેક્ક મિસાઈલો પણ છોડી શકે છે. આપણે તેમાં ઈઝરાયલી, ફ્રેન્ચ અને સ્વીડિશ સબ સિસ્ટમ લગાવીને તેને વધુ શ્રેષ્ઠ બનાવી છે. ટી-૭૨ ને ભારતમાં 'અજેય' કહેવામાં આવે છે. ભારતમાં આવી અંદાજે ૧૭૦૦ જેટલી ટેક્ક છે. તે ખૂબ જ લાઈટ ટેક્ક છે જે ૭૮૦ હોર્સપાવર ઉત્પન્ન કરે છે. આ ન્યુક્લિઅર, બાયોલોજિકલ અને કેમિકલ હુમલાઓને ટાળવા માટે લવાઈ છે. આ ૧૯૭૦ના દાયકામાં ભારતીય સૈન્યનો હિસ્સો બની હતી.'અજેય'માં ૧૨૫એમએમની બંદૂક લાગેલી છે. તેમાં ફૂલ એક્સપ્લોસિવ રિએક્ટિવ આર્મર પણ આપવામાં આવેલ છે. ભારતીય સેનાની ટેક્કો તૈયાર છે. ચૂમર અને ડેમચોકમાં તેની પ્રેક્ટિસ શરૂ થઈ ગઈ છે. ત્યાની સપાટ વિસ્તારોમાં તેની મેનૂવરેબિલિટીનો અંદાજો મળે છે. આ તસવીરો ભારતીય સેનાની પરવાનગીથી લેવામાં આવેલી છે. સૈન્યની ૧૪મી કોર, ફાયર એન્ડ ફ્યૂરીના ચીફ ઓફ સ્ટાફ મેજર જનરલ અરવિંદ કપૂરે કહ્યું કે ફાયર એન્ડ ફ્યૂરી કોર્પ્સ ભારતીય સેના અને દુનિયાની એકમાત્ર ટુકડી છે જેને આવા કઠિન ટેરેનમાં મિકેનાઈઝડ ફોર્સીસની તૈનાતી કરી છે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૪૧૧

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૧૩૩૨૧૯

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧૦

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૨૩૧

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૧૧૩૨૪૦

## દેશમાં સંક્રમિતોનો આંક ૬૦ લાખની નજીક, ૨૪ કલાકમાં ૧૧૨૪ દર્દીનાં મોત

### ભારતમાં ૪૯ લાખથી વધુ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી, કોવિડ-૧૯ સામે લડતાં ૯૪,૫૦૩ દર્દીઓએ જીવ ગુમાવ્યો

ન્યુ દિલ્હી,તા.૨૭

ભારતમાં કોરોના વાયરસના કારણે જીવ ગુમાવનારા દર્દીઓની સંખ્યા ૯૪ હજારને પાર થઈ ગઈ છે. રવિવારે જાહેર થયેલા આંકડા મુજબ કોવિડ સંક્રમિતોનો આંક ૬૦ લાખની નજીક પહોંચી ગયો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૮૮,૬૦૦ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોવિડ-૧૯ના કારણે ૧,૧૨૪ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૫૯,૯૨,૫૩૩ થઈ ગઈ છે. નોંધનીય છે કે, દેશમાં કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૪૯ લાખ ૪૧ હજાર ૬૨૮ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. હાલ ૯,૫૬,૪૦૨ એક્ટિવ કેસો છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૯૪,૫૦૩ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે.

બીજી તરફ, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ રવિવારે જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૨૬ સપ્ટેમ્બર સુધીમાં ભારતમાં કુલ ૭,૧૨,૫૭,૮૩૬ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે, શનિવારના ૨૪ કલાકમાં ૯,૮૭,૮૬૧ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે.

છેલ્લા નવ દિવસથી ભારતમાં દૈનિક કેસની સંખ્યામાં ઘટાડો થયો છે. છેલ્લા ૭ દિવસમાં નોંધાયેલા નવા કેસોની સરેરાશ સંખ્યા બતાવે છે કે કોવિડનો ગ્રાફ નીચે આવી રહ્યો છે. મહામારી શરૂ થયા બાદથી ૧૭ સપ્ટેમ્બરથી ૨૬ સપ્ટેમ્બર વચ્ચેનો સમયગાળો સતત ઘટાડાનો સમય રહ્યો છે. તે પણ ત્યારે જયારે ટેસ્ટિંગ સતત ૭ દિવસમાં સરેરાશ ૧૭ સપ્ટેમ્બરના ૧૦.૭ લાખથી વધીને ૨૫ સપ્ટેમ્બરના રોજ ૧૧.૨ લાખ થયા છે. એટલે કે વધુ ટેસ્ટિંગ થવા છતાંય કેસની સરેરાશમાં વધારો થયો નથી. ૧૭ સપ્ટેમ્બરના રોજ દૈનિક કેસોની સરેરાશ (૭-દિવસ) ૯૩,૧૯૯ હતી. મહામારી શરૂ થઈ ત્યારથી આ સૌથી ઉંચો આંકડો છે. યુરોપિયન સેન્ટર ફોર ડિસીઝ પ્રિવેન્શન એન્ડ કંટ્રોલ (ઈસીડીસી)માં ઉપલબ્ધ ડેટા મુજબ ત્યારથી આ સતત ઘટી રહ્યો છે. આની પહેલાં સતત ઘટાડો જોવા મળ્યો છે પરંતુ તે બે દિવસથી વધુ ટકયો નહોતો.

### પૂર્વ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સાથે મુલાકાત બાદ સંજય રાઉતે કહ્યું

## એનડીએ શિવસેના અને અકાલી દળ વગર અધૂરું છે, મોદી અમારા પણ નેતા

મુંબઈ,તા.૨૭

શિવસેનાના પ્રવક્તા અને સામનાના સંપાદક સંજય રાઉતે મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સાથે મુલાકાત બાદ જે રાજકીય ખળભળાટ મચી ગયો તેના પર સ્પષ્ટતા કરી છે. તેમણે કહ્યું કે બંનેની મુલાકાત જૂના સહયોગી હોવાના નાતે થઈ હતી અને સામનામાં તેમના ઈન્ટરવ્યુ માટે વાતચીત થઈ. આ સાથે જ તેમણે કહ્યું કે શિવસેના વગર એનડીએ અધૂરું છે અને કઈક આવા જ વિચાર તેમણે અકાલી દળ માટે પણ જાહેર કર્યા.

શિવસેના નેતા સંજય રાઉતે કહ્યું કે નેશનલ ડેમોક્રેસી એલાયંસ એટલે એનડીએ શિવસેના અને અકાલી દળ વગર અધૂરું છે. સંજય રાઉતે કહ્યું કે શિવસેના અને અકાલી દળ એનડીએના સૌથી જૂના અને સૌથી મોટા સહયોગી રહ્યા છે. પરંતુ કેટલાક કારણોસર હવે અમે સાથે નથી. તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સમગ્ર દેશના નેતા છે. તેઓ ઉદ્ધવ ઠાકરેના પણ નેતા છે અને અમારા પણ. અત્રે જણાવવાનું કે તેમના આ નિવેદનના અનેક રાજકીય અર્થ નીકળી શકે છે. સંજય રાઉતે મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ સાથે મુલાકાત બાદ તમામ થઈ રહેલી અટકળોને લઈને સ્પષ્ટતા કરી.

આ મુદ્દે તેમણે કહ્યું કે અમે અગાઉ સહયોગી રહી ચૂક્યા છીએ અને હવે અમારી મુલાકાત સામનામાં ઈન્ટરવ્યુ મુદ્દે થઈ હતી. તેનો અલગ અર્થ ન કાઢવો જોઈએ. અમારી મુલાકાત પહેલેથી નક્કી હતી અને તેના રાજકીય અર્થ ન કાઢવા જોઈએ. જો કે પીએમ મોદી અને એનડીએને લઈને હવે તેમના નરમ નિવેદનો કઈક અલગ જ સંદેશ આપી રહ્યા છે. કિસાન બિલ મુદ્દે અકાલી દળ તરફથી મંત્રી હરસિમરત કૌરે કેન્દ્રીય કેબિનેટમાંથી પહેલા તો રાજીનામું આપી દીધુ અને શનિવારે અકાલી દળે ભાજપ સાથેની વર્ષો જૂની દોસ્તી ખતમ કરતા એનડીએ સાથે છેડો ફાડવાની જાહેરાત કરી દીધી.

## તંત્રી સ્થાનેથી...

# ભૂતાન પર ચીનનો દાવો

ભારતના સર્વ પડોશી દેશોમાં એકમાત્ર ભૂતાન એવો દેશ છે, જે જગજાહેર રીતે ભારતના ખોળે બેઠેલો છે. ચીને જ્યારે દુનિયાના ઘણા બધા દેશોમાંથી પસાર થતાં સિલ્ક રોડની યોજનાને બહાને પોતાની મહત્વાકાંક્ષાનો એક અજગર પૃથ્વી પર વહેતો કર્યો, ત્યારે માત્ર ભારતના કહેવાથી જ ભૂતાને એ રસ્તાને પોતાના દેશમાંથી પસાર થવા દેવા અંગે ઈકાર કર્યો હતો. ભૂતાનની પ્રજા પણ ચીનને સખત ધિક્કારે છે. જો કે આવી સ્થિતિ અગાઉ નેપાળમાં પણ હતી, પરંતુ ચીનાઓએ લાલચો આપીને નેપાળી નેતાઓને પોતાની જાળમાં ફસાવી લીધા અને એ જ નેતાઓની મદદથી નેપાળી પ્રજા પર દમન શરૂ કર્યું. એવું ભૂતાનમાં પણ થઈ શકે છે.જૂન ૨૦૨૦ થી ચીને તેનો પ્રોજેક્ટ કેપ્ચર ભૂતાન શરૂ કરેલો છે. ભૂતાનમાં સકતેંગ નામનો પ્રદેશ આવેલો છે. આમ તો સકતેંગ વન્ય પશુઓ માટેનું વિશ્વખ્યાત અભયારણ્ય છે. હિમાલયન દેશ હોવાને કારણે સહજ રીતે જ પ્રકૃતિ અહીં સોળે કળાએ ખીલેલી છે. માત્ર લાલ અને ગુલાબી રંગના ફૂલોના જ અહીં હજારો પ્રકારના છોડ છે. કોઈ ચિત્રકારોએ કદી કલ્પના પણ ન કરી હોય એવા એક જ રંગના અસંખ્ય વૈવિધ્ય અહીંના લાલ-ગુલાબી ફૂલો આપે છે.પરંતુ ચીન હવે આ સમગ્ર પ્રદેશને પોતાના દુરાચારી અને સામ્યવાદી લાલ રંગથી રંગી નાંખવા ચાહે છે. ચીન અને ભૂતાન વચ્ચેનો આ નવો રંગભેદ આવનારા દિવસોમાં ભારત અને ચીન વચ્ચેના વધુ એક સંઘર્ષનું કારણ બનશે.

ભારત સરકાર ક્યારે આ અંગે ભૂતાન સરકાર સાથે વાત કરશે અને ભૂતાનને ચીનની જાળમાં ફસાતા બચાવી લેશે એ અત્યારે તો અનિશ્ચિત છે. કારણ કે હજુ ભારત સરકારે ચીનની ભૂતાન પરત્વેની હલચલને ગંભીરતાથી લીધી નથી.ભૂતાનના સકતેંગ વિસ્તારને ચીને પોતાના નકશામાં બતાવવાની શરૂઆત કરી છે. ઉપરાંત ભૂતાન સરકાર સમક્ષ ચીનના વિદેશ સચિવે રૂબરૂ જઈને એક નવા વિકાસ પ્રોજેક્ટની દરખાસ્ત પણ કરી છે, જેમાં સમગ્ર ભૂતાન દેશને આધુનિકરણના નવા સ્વરૂપ સુધી લઈ જવાની વિસ્તાર પૂર્વકની લાલચ આપવામાં આવી છે. ભૂતાન આવી કોઈ દરખાસ્ત સ્વીકારે એવી શક્યતા અત્યારે તો નહિવત્ છે. પરંતુ ચીને એ માટેની બૌદ્ધિક અને લશ્કરી કવાયતની તૈયારી રાખી છે. ચીન પહેલા માત્ર સકતેંગ વિસ્તારને હડપ કરી જવા ચાહે છે. ભૂમિમાર્ગે સકતેંગ જવું હોય તો ત્યાં પહોંચવાનો રસ્તો અરુણાચલ પ્રદેશમાંથી જ પસાર થાય છે. સકતેંગ મળી જાય તો અરુણાચલ પરનો તેનો દાવો ભૌગોલિક રીતે વધુ મજબૂત બને એમ તે માને છે.આશ્ચર્યજનક રીતે ભારત સરકારે આ પ્રકરણમાં આજ સુધી તો નિષ્ક્રિયતા દાખવી છે. બીજી રીતે એમ પણ કહી શકાય કે ભારત સરકાર ઊંઘે છે અને ચીન વધુ એક ભારતમિત્રને આંચકીને પોતાના તરફ ખેંચી જવામાં વ્યસ્ત છે. ચીને જે સકતેંગ પ્રદેશ પર દાવો કર્યો છે તે એક રમણીય પહાડી વિસ્તાર છે અને ભારત પર હુમલો કરવા માટેની અત્યંત વ્યૂહાત્મક જગ્યા બની શકે એમ છે. ભારતમાં જ્યારે કોરોના પરાકાષ્ઠાએ હશે ત્યારે ચીન એ મોકાનો લાભ લઈને ભૂતાનમાં પોતાનો કાયમી પડાવ જમાવવાની મલિન મુરાદ રાખીને આગળ ધપે છે.આ મામલે ખરેખર તો ભારતો ઘણી જ સાવચેતી રાખવાની જરૂર છે પણ હાલ તો તે ગાફેલ જણાય છે.

## ૫૫ મુસાફરોની કેપેસિટીવાળી બસમાં ૧૦૦ મુસાફરોને બેસાડવામાં આવ્યા

# યુપી થી સુરત જતી ખાનગી બસ ગોધરા પાસે પલ્ટી, ૪૨ ઈજાગ્રસ્ત, ૭ની હાલત ગંભીર

ગોધરા,તા.૨૭

એક અઠવાડિયામાં બીજી વાર ૧૦૦ જેટલા મજૂરને ભરી જતી બસ પલ્ટી ખાઇ જવાની ઘટના સામે આવી છે. ઉત્તરપ્રદેશથી ૧૦૦ જેટલા મજૂરને ઠાસીને સુરત તરફ લઇને જતી ખાનગી બસના ડ્રાઇવરે સ્ટેઇરિંગ પરનો કાબૂ ગુમાવતા ગોધરાના પરવડી બાયપાસ પાસે પલ્ટી ગઇ હતી. જેમાં ૩૫ જેટલા મુસાફર ઈજાગ્રસ્ત થયા હતા. જે પૈકી ૭ની હાલત ગંભીર છે. ૫૫ મુસાફરની કેપેસિટીવાળી બસમાં હાલ કોરોના મહામારીમાં ૩૦ મુસાફરને બેસાડવાનો નિમય છે, તેમ છતાં બસમાં ૧૦૦ જેટલા મજૂરને બેસાડીને કોરોનાની ગાઇડલાઇનના લીરેલીરા ઉડાડ્યા હતા. કોરોના મહામારીના કારણે વતન ઉત્તરપ્રદેશ ગયેલા મજૂરોને ફરી ગુજરાતમાં લાવવામાં આવી



રહ્યા છે, ત્યારે શનિવારે મોડી રાત્રે ઉત્તરપ્રદેશથી ખાનગી ટ્રાવેલ્સની બસમાં ૧૦૦ જેટલા મજૂરોને ઠાસી ઠાંસી ભરીને સુરત તરફ લઇ જવામાં આવી રહ્યા હતા. આ બસ જ્યારે ગોધરાના પરવડી બાયપાસ પાસે પહોંચી ત્યારે બસના ડ્રાઇવરે અચાનક જ સ્ટેઇરિંગ પરનો કાબૂ ગુમાવી દીધો હતો. જેથી બસ રોડની સાઇડની પલ્ટી ખાઇ ગઇ હતી. જેથી આસપાસના લોકો તુરંત જ દોડી આવ્યા હતા અને પોલીસ અને ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. જેથી ૪૨ જેટલા ઈજાગ્રસ્તને ગોધરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જે પૈકી ૭ મુસાફરોની હાલત ગંભીર હોવાથી તેઓને સારવાર અર્થે વડોદરા ખસેડવામાં આવ્યા હતા. હજી એક અઠવાડિયા પહેલા જ દાહોદથી ૧૦૦થી વધુ મજૂરોને ઠાસી ઠાસીને સૌરાષ્ટ તરફ લઇને જતી ખાનગી બસ પલટી ગઇ હતી. જેમાં મોટાભાગના મજૂરો ઈજાગ્રસ્ત થયા હતા અને હવે ફરી એકવાર મજૂરોને લઇને જતી બસ પલટી ખાઇ ગઇ છે,

ત્યારે ફરી ફરીને સવાલ એ જ થાય છે કે, શું પોલીસ કાયદાનો ભંગ કરનાર ખાનગી ટ્રાવેલ્સ સંચાલકો સામે કોઇ કાર્યવાહી કેમ કરતી નથી? રાત્રીના સમયે પટ્રોલિંગમાં પોલીસ શું કરે છે? જેને પગલે પોલીસની કામગીરી સામે શંકા ઉભી થઇ રહી છે. ફરી એકવાર ખાનગી ટ્રાવેલ્સની બસમાં ૫૫ મુસાફરની કેપેસિટીવાળી બસમાં ૧૦૦થી વધુ મુસાફરને બેસાડવામાં આવ્યા હતા. હાલ કોરોના મહામારીમાં તો બસમાં ૫૫ને બદલે ૩૦ જેટલા મુસાફરોને બેસાડવાની જ ગાઇડલાઇન છે, ત્યારે આટલી મોટી સંખ્યામાં મજૂરોને બસમાં બેસાડીને તમામ નિયમોને નેવે મૂકવામાં આવ્યા હતા.

# કેન્દ્ર સરકારની જાહેરાત, ડ્રાઈવિંગ લાઈસન્સને લઈ બદલાઈ રહ્યા છે નિયમો

ન્યુ દિલ્હી,તા.૨૭

દેશમાં મોટાભાગના લોકો કાર અથવા બાઈક ચલાવતા સમયે નકલી દસ્તાવેજ દેખાડીને ટ્રાફિક પોલીસથી બચી શકાય છે. વાત પણ સાચી છે કારણ કે મોટાભાગના રાજ્યોમાં ટ્રાફિક પોલીસની પાસે દસ્તાવેજોની તાત્કાલિક ચકાસણી કરવાની સુવિધા હોતી નથી. પરંતુ હવે આમ થશે નહીં. કારણ કે હવે ટ્રાફિક અધિકારીઓની પાસે તમારા દરેક ડોક્યુમેન્ટ પહેલેથી જ હાજર રહેશે. કેન્દ્ર સરકારે મોટર વ્હીકલ એક્ટ ૧૯૮૯માં સુધારો કર્યો છે. સરકારે શનિવારે કહ્યું હતું કે ડ્રાઈવિંગ લાઈસન્સ અને ઈ-મેમો સહિતના વાહન દસ્તાવેજો ૧ ઓક્ટોબર, ૨૦૨૦ થી ઈન્ફોર્મેશન ટેકનોલોજી પોર્ટલ દ્વારા તેની જાળવણી કરાશે.

એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે વાહનના દસ્તાવેજોના નિરીક્ષણ દરમ્યાન ઈલેક્ટ્રોનિક માધ્યમથી માન્યતા પ્રાપ્ત વાહનોના દસ્તાવેજોની જગ્યાએ ભૌતિક દસ્તાવેજોની માંગણી કરવામાં આવશે નહીં. નિષ્ણાતો કહે છે કે તમારા ડ્રાઈવિંગ લાઈસન્સને લગતી તમામ માહિતી ટ્રાફિક અધિકારીઓ પાસે ઉપલબ્ધ હશે. તેની સાથે જ સરકારે કહ્યું હતું કે લાઈસન્સિંગ ઓથોરિટી દ્વારા ડ્રાઈવિંગ લાઈસન્સને ગેરલાયક ઠરાવવામાં આવશે અથવા રદ કરવામાં આવ્યા હોવાની વિગતો પોર્ટલ પર રેકોર્ડ કરવામાં આવશે અને તે સમય સમય પર અપડેટ કરવામાં આવશે.

માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે મોટર વાહન નિયમ ૧૯૮૯માં કરાયેલા વિભિન્ન સંશોધનો અંગે નોટિફિકેશન રજૂ કર્યું છે જેમાં મોટર વાહન નિયમોની વધુ સારી દેખરેખ અને અમલવારી માટે ૧ ઓક્ટોબર ૨૦૨૦થી પોર્ટલના માધ્યમથી વાહન સંબંધિત દસ્તાવેજો સહિત ઈ-ચાલાન જાળવણી કરી શકાશે.

# ભારત અફઘાનિસ્તાનની માલિકીવાળી શાંતિ પ્રક્રિયાને લઈ સંપૂર્ણપણે પ્રતિબદ્ધ:જયશંકર

ન્યુ દિલ્હી,તા.૨૭

અફઘાનિસ્તાનમાં પાકિસ્તાન અને ચીનના બેફામ કાવતરાઓ વચ્ચે ભારતે પણ વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ દેશમાં પોતાના હિતોના રક્ષણ માટે પ્રયાસો ઝડપી કર્યા છે. શુક્રવારે ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે અફઘાનિસ્તાનના ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ માર્શલ અબ્દુલ રશીદ દોસ્તમ સાથે વાતચીત કરી હતી. બિન પશ્તૂન નેતા અને તાલિબાન સામે લોહા લેનાર દોસ્તમ સાથે ભારતે અફઘાનિસ્તાનમાં શાંતિ અને સ્થિરતા લાવવાની ઐતિહાસિક પહેલ સહિત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરી. અફઘાનિસ્તાનના પ્રભાવશાળી ઉઝ્બેક નેતા દોસ્તમની ભારત યાત્રા એવા સમયે થઇ છે જ્યારે તાજેતરમાં પહેલીવાર તાલિબાન અને અફઘાનિસ્તાન વચ્ચે ૧૯ વર્ષ જૂના યુદ્ધને સમાપ્ત કરવા માટે સીધી વાતચીત થઈ છે. વર્ષોથી ચાલી રહેલા સંઘર્ષમાં અફઘાનિસ્તાનના જુદા જુદા પ્રદેશોમાં હજારો લોકોના મોત થયા છે. આ મહત્વપૂર્ણ બેઠક બાદ જયશંકરે ટ્વિટ કર્યું, ભારત અફઘાનના નીત, અફઘાનિસ્તાન સંચાલિત અને અફઘાનિસ્તાનની માલિકીવાળી શાંતિ પ્રક્રિયાને લઇ સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. ભારતીય વિદેશ મંત્રી કહ્યું કે માર્શલ અબ્દુલ રશીદ દોસ્તમને મળીને મને આનંદ થયો.

અફઘાનિસ્તાન અને આ ક્ષેત્ર સાથે સંબંધિત વિકાસ અંગેના મંતવ્યોની આપ લે કરી. તેમનો બહોળો અનુભવ અને ઉંડા વિચાર પ્રકટ થયા. બીજી તરફ વિદેશ મંત્રાલયના પ્રવક્તા અનુરાગ શ્રીવાસ્તવે કહ્યું કે દોસ્તમે વિદેશ સચિવ હર્ષ વર્ધન શ્રૃંગલા સાથે પણ મુલાકાત કરી, જેમાં અફઘાનિસ્તાનના સમાજના તમામ વર્ગના બંધારણીય અધિકાર અને વ્યવસ્થા જેવા મુદ્દાઓ પર ચર્ચા થઇ. શ્રીવાસ્તવે ટ્વિટ કર્યું હતું કે

વિદેશ સચિવ હર્ષ વર્ધન શ્રૃંગલા એ માર્શલ અબ્દુલ રશીદ દોસ્તમ સાથે મુલાકાત કરી અને અફઘાન શાંતિ મંત્રણા અને ઉભરતી પરિસ્થિતિ અંગે તેમના મંતવ્યો પણ જાણયા. અફઘાનિસ્તાનના સમાજના તમામ વર્ગના બંધારણીય અધિકાર અને લ્યવસ્થા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. ભારતે અફઘાનિસ્તાન પ્રત્યેની લાંબા ગાળાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. અફઘાનિસ્તાનમાં શાંતિ અને સ્થિરતા માટે ભારત એક મહત્વપૂર્ણ પક્ષકાર છે.

# ભાજપના નેતા ઉમા ભારતીને થયો કોરોના

દેહરાદૂન,તા.૨૭

પૂર્વ મુખ્યમંત્રી અને ભારતીય જનતા પાર્ટીના નેતા ઉમા ભારતી કોરોના પોઝિટિવ થયા છે. તેમણે ટ્વીટ કરીને આ જાણકારી આપી. ટ્વીટમાં ઉમા ભારતીએ લખ્યું છે કે તેમણે પ્રશાસનની ટીમને જાણ કરીને બોલાવ્યા અને પોતાનો કોરોના ટેસ્ટ કરાવ્યો. ઉમા ભારતીએ ઋષિકેશ અને હરિદ્વાર વચ્ચે એક સ્થાન પર પોતાને ક્વૉરન્ટીન કર્યા છે. ઉમા ભારતીએ ટ્વીટ કરીને આ જાણકારી આપી. ઉમા ભારતીએ ટ્વીટ કરીને લખ્યું છે કે

હું તમારી જાણકારીમાં આ વાત રજુ કરી રહી છું કે આજે મારી પહાડની યાત્રાની સમાપ્તિના છેલ્લા દિવસે પ્રશાસનને આગ્રહ કરીને કોરોના ટેસ્ટ માટે ટીમને બોલાવી. કારણ કે મને ૩ દિવસથી હળવો તાવ હતો. ઉમા ભારતીએ અન્ય કેટલીક ટ્વીટ પણ કરી જેમાં તેમણે પોતે કોરોના પોઝિટિવ હોવાની સૂચના આપી. તેમણે ટ્વીટમાં લખ્યું છે કે ‘મે હિમાલયમાં કોવિડના તમામ પ્રતિબંધો અને સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કર્યું.આમ છતાં હું કોરોના પોઝિટિવ થઈ. હું હાલ હરિદ્વાર અને ઋષિકેશ વચ્ચે વંદે માતરમ કૂંજમાં ક્વોરન્ટિન છું. જે મારા પરિવાર જેવો છે.

# અમેરિકામાં પીવાના પાણીમાં અમીબા વાયરસ મળી આવતા ૮ શહેરોમાં એલર્ટ જાહેર



વોશિંગટન,તા.૨૭

કોરોના વાયરસસથી ઝઝૂમી રહેલા અમેરિકામાં પીવાના પાણીના સપ્લાયની અંદર મગજને ખાનાર ઘાતક અમીબા મળતા ૮ શહેરોમાં એલર્ટ જાહેર કરી દેવાયું છે. આ અમીબા દક્ષિણ પૂર્વ ટેક્સાસમાં પેયજળની અંદર મળ્યા છે. તેના લીધે એક કસબામાં ઈમરજન્સી જાહેર કરી દેવાઈ છે. ટેક્સાસના પર્યાવરણ કમિશનની તરફથી રજૂ કરવામાં આવેલી ચેતવણીમાં નાગરિકોને કહ્યું કે તેઓ પાણીનો ઉપયોગ કરે નહીં. આ અમીબાનું નામ નેગલેરિયા ફાઉલરાલી કહેવાય છે. આ વ્યક્તિના મગજને ખાઇ જાય છે. શુક્રવારના રોજ તેણે પાણીની અંદર જોવા મળ્યા. કમિશને કહ્યું હતું કે તેઓ આ સમસ્યાનું વહેલામાં વહેલી તકે નિરાકરણનો પ્રયાસ કરી રહ્યા છે. અમેરિકાના રોગ નિવારણ કેન્દ્રના મતે આ મગજને ખાનારા બેક્ટેરિયા માટી, ગરમ તળાવ, નદીઓ અને ગરમ પ્રવાહોમાં જોવા મળે છે. કેન્દ્ર એ જણાવ્યું હતું કે આ બેક્ટેરિયા સ્વીમીંગ પુલ અને ફેક્ટરીઓમાંથી છોડવામાં આવતા ગરમ પાણીમાં હોય છે. ચેતવણીમાં કહેવામાં આવ્યું છે કે જેકસન, ફ્રીપોર્ટ, એંગ્લેટન, બ્રાજોરિયા, રિચવુડ, ઓયસ્ટર ક્રિક, ક્લૂટ, રોજેનબર્ગના લોકોને કહ્યું છે કે તેઓ પાણીનો ઉપયોગ ના કરે. લેક જેકસન વિસ્તારમાં આપત્તિ જાહેર કરવામાં આવી છે. વહીવટી તંત્ર હવે આ ગંદા પાણીને બહાર કાઢવાનો પ્રયાસ કરી રહ્યું છે. આ ઘટના ૮ સપ્ટેમ્બરના રોજ શરૂ થઈ હતી જ્યારે ૬ વર્ષના બાળકને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. બાળકની અંદર જીવલેણ અમીબા જોવા મળ્યો હતો. આ ઘટના બાદ જ્યારે પાણીની તપાસ કરાઇ તો તે દ્ધક્રીપ્ન્નર્ક્રીેંક્રિ ર્કુર્ક્રીેંથી પોઝિટીવ જોવા મળ્યો હતો. ત્યારબાદ લોકોને પાણી ના પીવાની સલાહ આપવામાં આવી. સીડીસીનું કહેવું છે કે નાઈગિલેરીયા ફોવલેરી જીવલેણ છે. ૨૦૦૯ થી ૨૦૧૮ સુધીમાં આ વાયરસથી પીડાતા ૩૪ કેસ સામે આવ્યા હતા. ૧૯૬૨ થી ૨૦૧૮ ની વચ્ચે ૧૪૫ લોકોએ આ બેક્ટેરિયાને અસર કરી જેમાંથી ફક્ત ૪ લોકો જ બચી શક્યા. તેનાથી સંક્રમિત વ્યક્તિના મગજમાં આ જીવલેણ બેકટેરિયાનું સંક્રમણ થાય છે. સેન્ટ્રલ ઓફ ડિસીઝ કંટ્રોલ મુજબ લોકો સ્વિમિંગ કરતાં સમયે આવા અમીબાનો શિકાર બને છે. જ્યારે નેગલેરિયા ફાઉલરલી તેના નાકમાં પ્રવેશ કરીને તેના મગજમાં પહોંચી જાય છે અને મગજના ટિશ્યુને ખાવાનું શરૂ કરી દે છે.

# હતાશ આફ્રિદીએ કહ્યું- મોદી સરકાર છે ત્યાં સુધી ભારત-પાક વચ્ચે સીરીઝ નહીં યોજાય

ઈસ્લામાબાદ,તા.૨૭

પાકિસ્તાની ક્રિકેટરોને ઈન્ડિયન પ્રીમિયર લીગમાં રમવાની તક નથી મળતી. જેથી તેને લઈને પાકિસ્તાની ક્રિકેટરોની હતાશા સામે આવતી રહેતી હોય છે. આ કડીમાં પાકિસ્તાનના પૂર્વ કેપ્ટન અને ઓલરાઉન્ડર શાહિદ આફ્રિદીની પણ અકળામણ સામે આવી છે. તેણે કહ્યું છે કે જ્યાં સુધી ભારતમાં નરેન્દ્ર મોદીની સરકાર રહેશે ત્યાં સુધી ભારત અને પાકિસ્તાનની વચ્ચે બાઈલેટ્રલ સીરીઝ નહીં યોજાઈ શકે. આ ઉપરાંત તેણે એમ પણ કહ્યું કે પાકિસ્તાની ક્રિકેટર આઈપીએલને મિસ કરી રહ્યા છે. આફ્રિદીના જણાવ્યા મુજબ પાકિસ્તાની યુવા ક્રિકેટરોને આ લીગમાં રમવાથી ઘણો ફાયદો થાત. શાહિદ આફ્રિદીએ કહ્યું કે, પાકિસ્તાનની સરકાર હંમેશા ભારત સાથે ક્રિકેટ રમાડવા માટે તૈયાર છે.

પરંતુ ભારતમાં હાલની સરકાર છે ત્યાં સુધી બંને દેશો વચ્ચે ક્રિકેટની કોઈ આશા નથી. જ્યાં સુધી મોદી સત્તામાં રહેશે ભારત અને પાકિસ્તાનની વચ્ચે કોઈ બાઈલેટ્રલ સીરીઝ નહીં યોજાઈ શકે. શાહિદ આફ્રિદીએ વધુમાં કહ્યું કે પાકિસ્તાની ખેલાડીઓ દુનિયાની સૌથી મોંઘી ક્રિકેટ લીગ આઈપીએલમાં ન રમવાના કારણે ઘણું નુકસાન ભોગવી રહ્યા છે. ભારત અને પાકિસ્તાનની વચ્ચે ગત ૧૩ વર્ષથી કોઈ ટેસ્ટ સીરીઝ નથી રમાઈ. છેલ્લી વાર બંને દેશોની વચ્ચે વર્ષ ૨૦૦૭માં સીરીઝ રમાઈ હતી.



વિશ્વની સૌથી લાંબી મૂછો ખેલવાનો દાવો કરનાર ગિરધર વ્યાસ, બીકાનેરમાં વિશ્વ પર્યટન દિવસની પૂર્વસંધ્યાએ ફોટોગ્રાફ માટે પોઝ આપે છે.

# ખેડૂતોનો રોષ સમાવવા પંજાબ-હરિયાણામાં તાત્કાલિક ડાંગર ખરીદવા કેન્દ્રનો આદેશ

ન્યુ દિલ્હી,તા.૨૭

૩ વિવાદાસ્પદ કૃષિ ખરડા સામે ખેડૂતોમાં પ્રવર્તી રહેલા રોષને સમાવવા કેન્દ્ર સરકારે પંજાબ અને હરિયાણામાં ડાંગરની ખરીદીની કામગીરી તાત્કાલિક શરૂ કરી દેવાના આદેશ જારી કર્યાં હતાં. આમ તો વર્ષ ૨૦૨૦-૨૧ની ખરીફ માર્કેટિંગ સિઝનનો દેશના તમામ રાજ્યોમાં આગામી સપ્તાહથી પ્રારંભ થવાનો છે પરંતુ કેન્દ્ર સરકારે પંજાબ અને હરિયાણામાં પ્રક્રિયા શરૂ કરવાનો આદેશ આપ્યો હતો. પંજાબ અને હરિયાણામાં ડાંગરનો પાક મંડીઓમાં વહેલો આવી રહ્યો હોવાથી સરકારે ખરીદીની પ્રક્રિયા શરૂ કરી દેવાની પરવાનગી આપી છે. કોંગ્રેસે કૃષિ ખરડાના વિરોધમાં આંદોલન કરી રહેલા ખેડૂતોના સમર્થનમાં ખેડૂતો માટે અવાજ ઉઠાવો અભિયાનનો સોશિયલ મીડિયા પર શનિવારથી પ્રારંભ કર્યો હતો.કિસાન મજદૂર સંઘર્ષ સમિતિના ખેડૂતોએ આરોપ મૂક્યો હતો કે શિરોમણિ અકાલી દળ કૃષિ ખરડા મામલે રાજનીતિ કરી રહ્યું છે. અકાલીઓ એકસમાન વલણ અપનાવી રહ્યાં નથી. તેઓ એકબાજુ ભાજપનો સાથ છોડવા માગતા નથી અને બીજીતરફ કૃષિ ખરડાનો વિરોધ કરી રહ્યાં છે. તેમને એનડીએ ગઠબંધન છોડવું નથી.

# પદ્મિની (કમલા)એકાદશી (અધિક માસ સુદ-૧૧)

અર્જુને કહ્યું : “હે ભગવાન ! આ અધિક માસની શુકો પક્ષની એકાદશી વિશે અને એના મહાત્?મ્?યના વિશે ઉપદેશ આપો.”

શ્રીકૃષ્?ણબોલ્?યા: “હે પાર્થ ! અધિક માસની એકાદશી અનેક પુણ્યને આપનારી છે. એનું નામ “પદ્મિની” છે. આ એકાદશીના વ્રતથી મનુષ્?ય વિષ્?ણુલોકમાં જાય છે. અનેક પાપોને નષ્?ટ કરનારી છે. આના ફળ અને ગુણને ધ્?યાનપૂર્વક સાંભળ !”

દશમના દિવસે વ્રત કરવું જોઈએ. એકાદશીના દિને પ્રાતઃકાર્યમાંથી નિવૃત થઈને પૂક્ષેત્રમાં સ્?નાન કરવા ચાલ્?યા જવું જોઈએ. એ સમયે છાણ, માટી, તલ, કુશ, તથા આંબળાના ચૂર્ણથી વિધિપૂર્વક સ્?નાન કરવું જોઈએ. સ્?નાન કરતાં પહેલા શરીરે માટી લગાડતા પ્રાર્થના કરવી જોઈએ. એ પછી વરુણ મંત્ર જપીને પવિત્ર તીર્થમાં ન જઈ શકાય તો એમનું સ્?મરણ કરીને કોઈ તળાવમાં સ્?નાન કરવું જોઈએ. સ્?નાન કર્યા પછી સ્?વચ્?છ અને પવિત્ર વસ્?ત્ર ધારણ કરીને તથા સંધ્?યા તર્પણ કરીને મંદિરમાં જઈને ધૂપ, દીપ, નૈવેદ્ય વગેરેથી ભગવાનની પૂજા કરવી જોઈએ.. ત્?યારપછી ભગવાન સમક્ષ ભજન કીર્તન વગેરે કરવું. આ ઉપવાસ નિરાહાર કરવો જોઈએ.જો મનુષ્?યમાં નિરાહાર રહેવાની શકિન ન હોય તો એણે જલપાન કે અલ્?પાહારથી વ્રત કરવું જોઈએ. અને રાત્રે જાગરણ કરીને ભગવાનનું સ્?મરણ કરવું જોઈએ.

હવે એનો મહિમાં સાંભળો.

કિર્તીવીર્ય નામનો એક રાજા હતો. એ રાજાને સો પત્?નીઓ હતી એમાંથી કોઈએ પણ રાજય સંભાળી શકે એવ યોગ્?ય પુત્ર ન હતો. ત્?યારે તેણે આદરપૂર્વક પંડિતો બોલાવ્?યા અને પુત્ર પ્રાપ્તિ માટે યજ્ઞ કર્યો, પણ બધુ અસફળ રહ્યું. જેમ દુઃખી માણસને ભોગ નીરસ લાગે છે એમ જ રાજાને પોતાનું રાજય પુત્ર વિના દુઃખમય પ્રતિત થવા લાગ્?યું. અંતમાં રાજા તપ દ્વારાજ સિદ્ધિ પ્રાપ્?ત થશે. એમ વિચારીને તપ કરવા માટે વનમાં ચાલ્?યો ગયો. એની પત્?ની પણ (હરિશ્ચંદ્રની પુત્રી-પ્રમદા) વસ્?ત્રોલંકારોનો ત્?યાગ કરીને પોતાના પતિ સાથે ગંધમાદન પર્વત પર ચાલી ગઈ. એ સ્?થાન પર બંનેએ દસ હજાર વર્ષ સુધી તપસ્?યા કરી. પરંતુ તેમ છતાં સિદ્ધિ પ્રાપ્?ત ન થઈ રાજાના શરીરમાં ફકત હાડકાજ રહી ગયા. આ જોઈ પ્રમદાએ વિનય સહિત મહાસતિ અનસૂયાજીને પૂછયું : “તપસ્?યા કરતાં કરતાં મારા પતિને દસ હજાર વરસ થઈ ગયા, પરંતુ હજુ સુધિ ભગવાન પ્રસન્?ન નથી થયા, કે જેનાથી એમને પુત્ર પ્રાપ્?ત થાય. આનું કારણ શું છે ?” આ સાંભળી અનસૂયાજી બોલ્?યા:

“અધિક માસ જે છત્રીસ માસ પછી આવે છે, એમા બે એકાદશીઓ આવે છે. આમાં આવનારી શુકલ પક્ષની એકાદશીનું નામ “પદ્મિની” અને કૃષ્?ણ પક્ષની એકાદશીનું નામ “પરમા” છે. એમાં વ્રત અને જાગરણ કરવાથી ભગવાન તમને ચોકકસ પુત્ર આપશે.”

ત્?યાર પછી અનસુયાજીએ વ્રતની વિધિ બતાવી. રાણીએ અનસુયાજી દ્વારા જણાવેલ વિધિ પ્રમાણે એકાદશીનું વ્રત અને રાત્રિ જાગરણ કર્યું. આમ કરવાથી શ્રી વિષ્?ણુ એના પર ઘણા પ્રસન્?ન થયા. અને વરદાન માંગવા માટે કહ્યું.

રાણીએ કહ્યું : “આપ અમને પુત્ર પ્રાપ્?તી માટેનું વરદાન આપો !”

પ્રમદાનું વચન સાંભળી શ્રી વિષ્?ણું બોલ્?યા: “હે પ્રમદે ! અધિક માસ મને ઘણો પ્રિય છે. એમા પણ એકાદશી તિથિ મમને સૌથી વધારે પ્રિય છે. આ એકાદશીનું વ્રત અને જાગરણ તે વિધિપૂર્વક કર્યું છે. આથી હું તારા પર અત્?યંત પ્રસન્?ન છું.” આમ કહી શ્રી વિષ્?ણુંએ રાજાન. કહ્યું ; “હે રાજેન્?દ્ર ! તમે પોતાની ઈચ્?છા અનુસાર વરદાન માંગો, કારણ કે તમારી પત્?નીએ મને પ્રસન્?ન કર્યો છે. !”

ભગવાનની મધુર વાણી સાંભળીને રાજા બોલ્?યા: “હે ભગવાન ! આપ મને સૌથી શ્રેષ્?ઠ, બધા દ્વારા પૂજિત અને આપના સિવાય દેવ, દાનવ, મનુષ્?ય વગેરે દ્વારા અજેય ઉત્તમ પુત્ર આપો” શ્રી વિષ્?ણુ તથાસ્?તુ કહી અલોપ થયા. ત્?યાર પછી રાજા-રાણી પોતાના રાજયમાં પાછા આવ્?યા એમને ત્?યાં ઉત્?પન્?ન થયેલ કાર્તવીય પુત્ર અજેય હતો. એણે જ રાવણને પદ કેદ કર્યો હતો. આ બધો પદ્મિની એકાદશીનો પ્રભાવ હતો.

# બાળવાર્તા નં ૩૦
# જીદ્દી રાજકુમારી




કંચનપુરમાં એક યશસ્વી રાજા હતા.તેઓને એક સુંદર રાજકુમારી હતી,તે ધાર્મિક હતી.રાજાને પણ પોતાની રાજકુમારી પર ખૂબ જ અભિમાન હતું. તે રાજકુમારીને સારા સારા ગુરુઓ પાસે જ્ઞાન અપાવતો,ઘોડેસવારી,તલવારબાજી બધુ શીખતી.પણ સ્વભાવે તે ખૂબ જ જીદ્દી હતી.તે કૃષ્ણ ભક્ત હતી.

તેથી જેમ જેમ મોટી થતી ગઈ તેમ તેમ મક્કમ થતી ગઈ કે કૃષ્ણભક્ત સાથે જ લગ્ન કરશે..હવે તો દેશ પરદેશ થી રાજાઓ પોતાના રાજકુમાર મોકલે પણ તે તૈયાર થાય જ નહિ.આપણી આઝાદી પહેલાની જ વાત છે..તે ભણી ગણી હતી..તેથી રાજકુમાર પણ એવા જ આવતા..પણ તેની કૃષ્ણભક્તિની શરત પૂર્ણ ન કરી શકતા.

રાજસ્થાનના રાજાનો કુંવર હતો કૃષ્ણભક્ત પણ તેને જરા પણ દેખાવને ચોવીસ કલાક જય શ્રી કૃષ્ણ કરવાનું ન ગમે..પણ તેની ખ્યાતી ને તેનું કર્તવ્ય જોઈ તેણીએ હા કહી.બન્નેના ધામધૂમથી લગ્ન થયા..રાજાએ પોતાની કુંવરીને વિદાય કરી.પૂજાપાઠ કરી રાજકુમારી બીજે દિવસથી ધ્યાન રાખવા લાગી કે રાજકુમાર કેટલીવાર જય શ્રી કૃષ્ણ બોલે છે,પાઠ પૂજા કરે છે..તેને તે ન તો પૂજાપાઠ કરતો દેખાયો ન કૃષ્ણનું નામ દેતો.તે તો રોજ મંદિરમાં પગે લાગે અને પોતાના કામે લાગે,બપોરે ગ્રંથાલયમાં બેસે ને વાંચે,ત્યાંથી સાંજે બગીચા માં બેસી સરસ રીતે વાંસળી વગાડે ,વીણા વગાડે ને બગીચામાં છૂટા ફરતાં હરણાં,સસલાં ને મોર જોડે બેસી તેને વહાલ કરે.ત્યાંથી રાત્રી ભોજન કરી રાજકુમારી પાસે આવે.

રાજકુમારીનો દુખી દુખી થઈ ગઈ તેણે તો રિસામણાં લીધા ને કહે કે તેને છેતરવામાં આવી છે,રાજા તો મારી સામે ક્યારેય કૃષ્ણને યાદ કરતા નથી તે કાંઈ કૃષ્ણ ભક્ત નથી.તે પોતાના પિયર જવાની જીદ લઈ બેઠી. રાજાએ સરસ બંદોબસ્ત કરી દીધો..તે તો રસાલા સાથે નિકળી,ત્યારે રાજાઓ ગાડી રાખતા..તે તો નીકળી

ગામે ગામે જાય છે ને જુએ છે કે બધે જ સરસ મજાના કૃષ્ણ મંદિર બાંધ્યા છે ને તે પણ તેના પતિદેવે જ,વિધવા સ્ત્રીઓ માટે સરસ રહેવાની વવસ્થા કરી છે,શાળાઓ બાંધી છે,કૂવાઓ બાંધ્યા છે,ધર્મશાળાઓ બાંધી છે,બધા સાધુ સંતોને સગવડ મળે તેવી વ્યવસ્થા કરી છે.આમ તે રાજકુમારે બોલીને નહિ પણ કર્મ કરીને કૃષ્ણની મૌન ભક્તિની મિશાલ ઉભી કરી હતી.તે તો મનોમન પોતાની ભૂલને લીધે પસ્તાય રહી હતી.

પોતાના મહેલમાં પહોંચતા જ તે તો પોતાના મા બાપના ચરણોમાં પડી ગઈને રાજકુમારની યશોગાથા

ની વાત કરવા લાગીને , મનથી નક્કી કરીને આવી હતી કે બે ત્રણ મહિના સુધી પાછી નહિ જાય ત્યાં તો ત્રીજા દિવસે પોતાના મહેલે પાછી જવા તૈયાર થઈ.તેના ગયાપછી રાજકુમાર તેની પાછળ જ નિકળ્યા હતાને રાજાજી એ તેમને સરસ ઉતારામાં રાખ્યા હતા.ત્યાં રાજકુમારીને લઈ જઈ મુલાકાત કરાવી.

રાજકુમારીએ રાજકુમારની માફી માંગી ને બાહ્યાચાર ને પાઠપૂજા કરતા સદ્કર્મોની અને સત્ - કાર્યની પૂજાને નમન કર્યાને રાજા પાસે સ્ત્રી શિક્ષણની હિમાયત કરી,જે સ્ત્રીઓ ભણવા ગણવા ને અસ્ત્ર શસ્ત્ર વિદ્યા શિખવા માંગશે તેને તે જરૂર શિક્ષિત કરશે એવી રાજા પાસે ઈચ્છા પ્રગટ કરીને પોતાની ખોટી માન્યતાને જીદ માટે ક્ષમા કરવા વિનંતી કરી.

રાજકુમારે રાજકુમારીને સ્ત્રી શિક્ષણ માટે તાલીમ ક્ષેત્રો ખોલી આપ્યાને ત્યારે રાજકુમારીને કાર્ય કરતી જોઈ રાજકુમાર બોલી ઉઠ્યા જીદ્દી રાજકુમારી

બાહ્યાચાર ,પૂજાપાઠની અંધશ્રદ્ધા કરતા તો સદ્કાર્ય ને સદ્ભાવના જ ઉત્તમ પ્રભુ સેવા છે.

જયશ્રી પટેલ

# સુશાંતના મિત્રોએ પીએમ મોદી પાસે કરી ન્યાયની માગ, કહ્યું – વિશ્વને તમારા પાસેથી ખુબ આશા છે

મુંબઈ,તા.૨૭

બોલિવૂડ અભિનેતા સુશાંતસિંહ રાજપૂતના મિત્રોએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ન્યાય માટે વિનંતી કરી છે. અભિનેતાના મિત્રો સ્મિતા પારેખ અને નીલોત્પલ મૃણાલે સોશિયલ મીડિયા દ્વારા પોતાની વાત મુકી હતી. તેમનું કહેવું છે કે સીબીઆઈએ આ કેસ હાથમાં લીધાને ઘણો સમય થયો હોવા છતા પણ હજુ સુધી કોઈ સફળતા મળી નથી. સુશાંત કેસમાં થઈ રહેલી તપાસ વિશે વાત કરતા સુશાંતના પિતા કે.કે.સિંહના વકીલ વિકાસ સિંહે કહ્યું કે સમગ્ર ધ્યાન ડ્રગ્સ મામલાની તરફ જઈ રહ્યું છે. આ મામલો કઈ દિશામાં જઈ રહ્યો છે.

જે ઝડપથી આ કેસ ચાલી રહ્યો છે. તેનાથી અમે ખુશ નથી. બીજી તરફ સુશાંતના મિત્રોએ હવે સોશિલય મીડિયા દ્વારા પીએમ મોદીને ન્યાય માટે વિનંતી કરી છે. સુશાંતસિંહ રાજપૂતના મિત્રો સ્મિતા પારેખે ટ્વિટર હેંડલ ઉપર લખ્યું હતું કે અમે સુશાંતસિંહ રાજપૂત માટે ન્યાય માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને પીએમઓની અપીલ કરી હતી. સર આ તમારા નાક નીચે જે ઘાતકી હત્યા છે. અમે ભારતના લોકો સુશાંતસિંહ રાજપૂત માટે નિષ્પક્ષ ન્યાયની માગ કરીએ છીએ. સમગ્ર વિશ્વને તમારાથી ખુબ આશા છે. સુશાંતસિંહ રાજપૂતના વધુ એક મિત્ર નીલોત્પલ મૃણાલે તેમના ઘરની બહાર અભિનેતાના પોસ્ટર લગાવ્યા છે જ્યાં તેનું મૃત્યુ થયું હતું. મિત્રએ પોસ્ટરને સોશિયલ મીડિયા ઉપર શેર કર્યું છે. પોસ્ટર ઉપર કેટલાક મેસેજ લખ્યા છે. સુશાંત સિંહ રાજપૂત કેસમાં નારકોટિક્સ કંટ્રોલ બ્યૂરો તપાસ કરી રહી છે. અભિનેતાની ટેલેંટ મેનેજર જયા સાહાની પૂછપરછ દરમિયાન ડ્રગ્સ તપાસમાં કેટલીક અભિનેત્રીઓના નામ ખુલ્યા છે. દીપિકા પાદૂકોણ, સારા અલી ખાન, શ્રદ્ધા કપૂર સામેલ છે. જેમની પૂછપરછ કરવામાં આવી રહી છે.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ.
# આયોજક - સંચાલન એડમીન ટીમ.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

ન્યુઝ ઓફ ગાંધીનગરમાં દરેક સ્પર્ધકનું સ્વાગત છે

પદ્ય

૧)કૌમુદી સોની
NG NO : 0075
શીર્ષક : પુષ્પ સમ્રાટ

૨)હેમલતા દિવેચા
NG No:0037
શીર્ષકઃ કહે! ગુલાબ

૩)પ્રકૃતિ શાહ "પ્રીત
NG NO::0048
શીર્ષકઃ ગુલાબ
મુક્તપંચિકા

૪અ)શ્વેતા તલાટી
NG NO:0078
શીર્ષકઃ ગઝલ ગુલાબ

૪ બ)મેહુલ ત્રિવેદી
NG NO:0015
શીર્ષકઃ ગુલાબ

ગદ્ય

૧)પૂજા (અલકા) કાનાણી
NG NO: 0042
શીર્ષકઃ યાદોનું ગુલાબ

વિજેતા મિત્રોને ખૂબ ખૂબ અભિનંદન

એડમિન પેનલ

ગદ્ય વિભાગ

વિજેતા કૃતિ

૧.....NG NO: 0042
નામ-પૂજા(અલકા)કાનાણી
વિભાગ-ગદ્ય
શીર્ષક-યાદોનું ગુલાબ

વાત્સલ્ય ધામની સામે નાનકડી ગલીમાં કાર પાર્ક કરી, વિધિએ કાંડા ઘડિયાળમાં જોયું, અને મનમાં બબડી હજી તો સાત જ વાગ્યા છે. શિયાળો હોવાના લીધે થોડું અંધારું થયું હતું. છતાં ઓફિસ તો ખુલી હશે. મેનેજર સાથે વાતચીત કરી શકાશે.વિધિએ ફટાફટ વાત્સલ્ય ધામનો ઝાંપો ખોલવા હાથ લંબાવ્યો, બરાબર તે જ સમયે બીજો હાથ તેની સાથે અથડાયો.વિધિએ સોરી કહી એક નજર માંડી ત્યાં આખો ઢંકાયેલો ચહેરો, ફક્ત આંખો જ દેખાય તેવી એક યુવતીના હાથમાં બાળક જોઈને વિધિએ પરિસ્થિતિનો તાગ મેળવી લીધો. થોડી હિંમત કરી યુવતીનો હાથ પકડી કાર બાજુમાં લઈ જઈ કારમાં બેસવા ઈશારો કર્યો. પેલી યુવતી જાણે વશીભૂત થઈ વિધિની પાછળ દોરવાઈ.

વિધિએ કહ્યું,"જો તમને વાંધો ન હોય તો હું તમારી સાથે વાત કરું?" પેલી યુવતી એ હા પાડી. અંધારું હતું એટલે બંને માંથી કોઈની ઓળખ છતી થવાનો ભય ન હતો. વિધિ બોલી"જો તમને મારા પર થોડો પણ વિશ્વાસ હોય તો તમારી ઓળખ આપી શકો છો. તમારી આંખોમાં રહેલી લાચારી અને વ્યથાના ભાવને એક સ્ત્રી હોવાના નાતે સમજી શકુ છું. વાત્સલ્ય ધામના દરવાજે, હાથમાં બાળક અને પોતાની ઓળખ છતી ન થઈ જાય તે માટે રાખેલી તકેદારી, પણ હું સમજી શકું છું." આટલું સાંભળતા,પેલી અજાણી યુવતી બોલવા લાગી. "મારું નામ સરયૂ, એટલું બોલતા આંખોમાં આંસુની ધાર વહેવા લાગી." વિધિએ શાંત પાડી, પાણી પીવડાવી અને કહ્યું,"મારે તમારી મજબૂરી યાદ કરાવી ફરી એ યાતના નથી દોહરાવવી.હું કહું એ વાત સાંભળશો? મારા લગ્નના આઠ વર્ષે પણ હું માતૃત્વ નથી પામી શકી. દવા અને દુવા સહિત દરેક ઉપાય કર્યા પણ કોઈ ઉપાય કારગત નીવડ્યા નહીં. હું બાળકને દત્તક લેવા શુ કાર્યવાહી કરવી પડે તે જાણવા અહીં આવી હતી. ઈશ્વરે કદાચ આપણા બંનેના દુ:ખના ઈલાજ માટે ભેગા કર્યા હશે ને? એવું મને લાગી રહ્યું છે. તમે ઈચ્છો તો હું તમારા બાળકની માતા બની, બાળકને સારો પરિવાર અને પરવરિશ આપી શકું. તેના બદલામાં તમારે...વાક્ય પૂરું કરવાની તક આપ્યા વગર સરયૂ બોલી,"દીદી, હું પણ એક સ્ત્રી છું. તમારી આંખોમાં છલકાતી વેદના અને કરુણાને સમજી શકી છું. મારે કોઈ પણ પ્રકારની કાર્યવાહી કે મદદની જરૂર નથી. બસ મારી દીકરીને તમને સોંપતા હું જિંદગીભરના ઉચાટ માંથી મુક્તિ મેળવીશ.નાની બહેન તરફથી મળેલો આ ઉપહાર સ્વીકારશો ને?મારી દીકરીનું નામ ગુલાબ રાખશો? મારી યાદોનું ગુલાબ હું તમને અર્પણ કરું છું. જતન કરી ઉછેરજો."એમ કહી કારનો દરવાજો ખોલી સજળ નેત્રે સરયૂ ચાલી નીકળી અને વિધિના હાથમાં રહેલું ગુલાબ ખિલખિલાટ હસી પડ્યું.

---

ગદ્ય વિભાગ

૧ ......N G NO. 60
શબ્દ સંખ્યા : ૩૯૬
શીર્ષક

દરરોજની જેમ આજ ઢળતી સાંજે પણ પ્રોફેસર વર્મા પોતાનાં આંગણાના બગીચામાં બેઠાં હતાં. અવની પર ધીમે ધીમે અંધારું પથરાઈ રહ્યું હતું. પરંતુ, આ અંધારું સવાર થતાં જ ઉજાશમાં પલટાઈ જવાનું તે હકીકત પ્રોફેસર પણ જાણતા સમજતાં હતાં. જ્યારે કોઈ કોઈ અંધારા એવાં પણ હોય કે જેને ક્યારેય અજવાળું નસીબ નથી થતું! જેમ કે પ્રોફેસરનાં જીવનમાં પથરાયેલું કાયમી ઘોર અંધારું!

સાંજના મંદ મંદ વહેતાં પવનની થોડી ગતિ વધે ત્યારે પ્રોફેસરે નેતરનાં ટેબલ પર મૂકેલી નોવેલના પાનાં ફરી જતાં જોયા , અચાનક જ નોવેલનું એ પાનું ખૂલી ગયું અને સાથે જ પ્રોફેસરની જિંદગીની કિતાબનું પણ...નોવેલના પાનાં પર લખાણની સાથે એકલી અટૂલી દરિયામાં તોફાન સામે ટક્કર લઈ રહેલી નૌકાનું ચિત્ર હતું,અને સાથે જ હતું પ્રોફેસરની જિંદગીના કડુ સત્ય સમું સૂકાયેલું ગુલાબ !

જેનાં પર નજર પડતાં જ પ્રોફેસરની યાદોમાં સદા જીવંત એવો એક ગુલાબી ચેહરો ફરી ઝળકી ઉઠ્યો. એ ચહેરો તેમની પ્રેમિકા નલિનીનો હતો. જે ક્યારેય તેમની પત્ની ન બની શકી. કેવાં !સુંદર દિવસો હતાં એ! જ્યારે પોતે અને નલિની સાથે કોલેજમાં ભણતાં હતાં. પોતે એકદમ શરમાળ પ્રકૃતિનાં અને નલિની તેમનાથી બિલ્કુલ ઉલ્ટા સ્વભાવની. તેને બોલ્યાં વગર તો ઘડીભર પણ ન ચાલે. કોલેજનાં એક સાહિત્યિક કાર્યક્રમમાં અનાયાસે જ બંનેને સાથે કાવ્ય પઠન કરવાનું થયું. એ પ્રસંગ પછી ધીમે ધીમે વાતચીત શરૂ થઈ. બીજાં કિસ્સાઓમાં બને છે તેમ જ અહીં પણ બન્યું. પ્રેમે બંનેના મનમાં પ્રવેશ કરી અનુરાગ પ્ગટાવ્યો .બંને લગ્નનાં પવિત્ર બંધનમાં બંધાવા થનગની રહ્યાં. પણ હાય રે! કિસ્મત! સમાજની ઊંચ-નીચની દીવાલોએ તેમનાં સપનાં પૂરા ન થવા દીધાં. નલિનીનો એકવીસમો જન્મદિવસ આવી રહ્યો હતો. ત્યારે પ્રોફેસરે તેનાં માટે તેને વ્હાલાં લાલ ગુલાબનો મોટો બુકે તેને સરપ્રાઈઝ તરીકે આપવાનો પ્લાન કરેલો. પોતાનાં સપનાનાં ઘરને પણ નલિની રંગીન ગુલાબનાં કુંડાઓથી સજાવવા ઈચ્છતી હતી તે પ્રોફેસર જાણતા હતાં. માટે જ ઘરનાં નકશામાં તેમણે સુંદર બગીચો ડીઝાઈન કરાવી રાખ્યો હતો. પણ આ સપનાંઓ પૂરા થાય તે પહેલાં જ પોતાની સગાઈ અન્ય જોડે નક્કી કરી નાખવામાં આવી છે તે વાતની ખબર પડતાં જ નલિનીએ મોતને વ્હાલું કરી લીધું. અલબત્ત માતા-પિતાને મનાવવાની ભરપૂર કોશિષ કર્યા પછી પણ નિષ્ફળ થયા બાદ તેણીએ હતાશામાં આ પગલું ભરી દીધું હતું ! પ્રોફેસરે તેને ભેટ આપવા માટે લાવેલો બુકે તેની અર્થી પર સજાવવો પડ્યો. તેનાં તનની સુવાસ પામેલાં એ બુકેમાંથી પ્રોફેસરે સર્વેની નજર ચૂકાવીને એક ગુલાબ લઈ લીધું. એ જ હજુ સુધી તેમનાં જીવનનો આધાર બની રહ્યું હતું.

ત્યાં તો જમવા માટે મહારાજની પાડેલી બૂમે તેમને ફરી વર્તમાનમાં લાવી દીધાં. સમાજ અને નસીબનો શિકાર બનીને અકાળે વૃદ્ધ થઈ ગયેલાં તેમણે ભીની આંખો લૂછી, પુસ્તકને બંધ કરી હૃદયે લગાડી દીધું. બગીચામાં ખીલેલાં ગુલાબનાં ફૂલોમાં તેમને નલિનીનો હસતો ચહેરો દેખાયો.

ભગવતી પંચમતીયા 'રોશનીહ્

---

2....NG :0073
વિષયઃ ગુલાબ
પ્રકાર :ગદ્ય/લઘુકથા
શીર્ષકઃ ગુલાબ ગુલાબ

આજે ફરીથી વનિતાની આંખો છલોછલ ઉભરાઈ ગઈ પણ આનંદથી.

એમ તો એની ચંચળ આંખો ક્યાંય ઠરતી નહોતી પરંતુ જ્યારે ગુલાબના ફૂલ પર પડે અને એ પણ સુંદર ગુલાબી રંગ જોઈ સ્થિર થઇ જતી.

એ એક છોડ ઘરમાં લઈ આવી હતી. છોડને કોઈ નુકસાન ના થાય એટલે કુંડું ધાબે મૂકી આવી હતી. ત્યાં પણ સીધો તડકો ના પડે એટલે એણે એક પાટિયું મુકી એના પર ઓઢણી ગોઠવી. જેમ જેમ તડકો ફરે એમ દિવસમાં ચાર-પાંચ વખત ઉપર જઈ પાટિયું ખસેડી આવતી. ખૂબ કાળજી લેતી.

શિયાળાના આગમનની સાથે, ચાર મહિનાની લાંબી કાળજી પછી એક કળી દેખાઈ. એના આનંદનો પાર ન રહ્યો. ફૂલ ખીલ્યું. એ આખો દિવસ નાચતી, કૂદતી, ઝૂમતી રહી. વારે-વારે ઉપર જઈ જોઈ, સૂંઘી આવતી. એ ગુલાબ એનું હતું. માત્ર એનું જ. એ ચાર મહિનાની ઇન્તેજારીને માવજતના ફળ રૂપી ગુલાબ હતું.

સંગીતા સાંજે ઘરે રમવા આવી. અતિ ઉત્સાહમાં એ એને ધાબે લઈ ગઈ ગુલાબ બતાવવા. બીજા દિવસે સંગીતાનો જન્મદિવસ હતો. એ સુંદર તૈયાર થઈને ચોકલેટ આપવા આવી. તેણીનાં વાળમાં ગુલાબ જોઈને પહેલાં તો વનિતા ઘણી હરખાઈ, પણ પછી એનું હૃદય જોર જોરથી ધબકવા લાગ્યું.

ઊંધા પગલે દોડતી ધાબા પર આવી, જોયું, તો ગુલાબ ગાયબ! આંખો છલકાઈ ગઈ. દુ:ખ તો અસહ્ય હતું.

પંદર દિવસ પછી આજે એક સુંદર ગુલાબ ખીલ્યું તે જોઈ એની આંખોમાં હર્ષાશ્રું છલકાયા,સ્પંદનોથી ગુલાબનો ગુલાબી રંગ એના ભીના અધરો પર મીઠા સ્મિત સાથે ભળી છલકાવા માંડ્યો.

પલ્લવી ગુપ્તા

# વિવેકપંથી માં શ્રી ગુણવંત શાહ લખે છે

મારું કુટુંબ આર્યસમાજી હતું. મારા દાદી કબીરપંથી હતાં.

બાળકોને મંદિરમાં જવાનું કહેવામાં આવતું ન હતું.

મારો દીકરો મુંબઇમાં ૧૩મે માળે રહે છે. એણે અપશુકનિયાળ ૧૩નો આગ્રહ રાખેલો.★

મારી દીકરીએ જાણી જોઇને કમૂરતાંમાં લગ્ન કરેલાં.

ચમત્?કારમાં મને લગીરે શ્રદ્ધા નથી

પણ હું સમગ્ર સર્જનને વિરાટ ચમત્?કાર માનું છું.

મને પ્રભુમાં અપાર શ્રદ્ધા છે. તેના અસ્?તિત્?વમાં કોઇ શંકા નથી.

૨૦-૨૨ વર્ષો પહેલાં ૧૦ કરોડ રૂપિયાનો મુગટ તિરૂપતીના વેંકટેશ્વરને ચડાવવાનો હતો ત્?યારે મેં લખેલું કે એ પૈસા આંધ્રપ્રદેશમાં શૌચાલયો માટે વાપરવા જોઇએ.

મને અંધશ્રદ્ધા પ્રત્?યે નફરત છે પણ શ્રદ્ધાને હું જરૂરી પરિબળ માનું છું.

અમિતાભે તિરૂપતીમાં કરોડના હીરા ધર્યા તે સામે મારો સખત વિરોધ છે

શ્રદ્ધાળુઓને કહેવાનું પ્રાપ્?ત થાય છે કે તમે ક્?યારેક મંદિર જાઓ ત્?યારે ઇશ્વરને એક સવાલ જરૂર પૂછજોઃ

'પ્રભુ, તમને કઇ વાતમાં આ દુનિયાનું કલ્?યાણ દેખાય છે?

લોકો દિનરાત તારા ચરણોમાં મંજીરા વગાડતા રહે તેમાં

કે સખત પુરુષાર્થ કરી દેશના વિકાસ માટે પ્રયત્?નશીલ રહે તેમાં...?

'જો હું ભગવાન હોઉં તો મર્યા બાદ મારી પાસે આવનારને એમ નહીં પૂછું કે તમે રોજ કેટલી માળા કરતા? કેટલીવાર મંદિરે જતા?

હું તેમને પૂછીશ, તમે કેટલા દુઃખીઓના આંસુ લૂછ્યા? કેટલા ડૂબતાને તાર્યા? કેટલા પીડિતોની વહારે ધાયા? માનવતાનો પાસપોર્ટ અને સદ્?કર્મોના સર્ટીફિકેટ વિના હું ?સ્વર્ગનો 'વિઝા' કોઈ મોટા સંતને પણ નહીં આપું.

,આજપર્યંત એકાદ સંત એવો પેદા નથી થયો, જે પોતાના હજારો અનુયાયીઓ ?સમક્ષ એમ કહીને છૂટી પડયો હોય કે

'આ અનંત સૃષ્ટિમાં હું ય તમારા જેવો સાધારણ મનુષ્?ય છું.

મારામાં કોઇ દૈવી શક્?તિ નથી.

મારા ચરણસ્?પર્શ કરશો નહીં.

મારી આરતી ઉતારી મને શરમમાં નાખશો નહીં.

મારી શોભાયાત્રા કાઢી મારી વર્ષગાંઠ ઉજવશો નહીં.

ભગવાન દિવ્?ય શક્?તિ છે.

તમે ભગવાનને સાચી રીતે સમજ્?યા હો તો મારો ફોટો તમારા ઘરના મંદિરમાં મૂકી ભગવાનનું અપમાન કરશો નહીં!'

માણસને પોતાની અધૂરપો કે ઉણપો જાહેર કરવા માટે ખાસ્?સી આંતરિક તાકાતની જરૂર પડે છે.

નિખાલસપણે હોઇએ તેવા દેખાવાનું કામ ધારીએ તેટલું સહેલું નથી.

તેમાંય લોકો એકવાર ખભે ઉંચકી લે પછી-

'હું તમારા જેવો સાધારણ માણસ છું' એમ કહેવાનું કામ લોઢાના ચણા ચાવવા જેવું મુશ્?કેલ બની જાય છે.

આસારામ અને નારાયણ સાંઈ સહિત લગભગ ૧૫૦ જેટલા કહેવાતા સંતો જ્?યારે લોકોના ખભેથી ફેંકાઇને સીધા જેલની કોટડીમાં જઈ પડયા ત્?યારે તેમને ખ્?યાલ આવ્?યો કે આપણે ભગવાનના ખભે બંદૂક મૂકી ઈન્?સાનો પર ચલાવતાં હતા તે ખોટું કરતાં હતા.

ભારતમાં સૌથી મોટો બિઝનેસ ધર્મ,બીજો રાજનીતિ અને ત્રીજો છે દલાલી.

મહત્વની વાત એ છે કે

ત્રણેય ટેક્સ-ફ્રી છે ?

અમેરિકામાં દર ૫ હજારે એક વૈજ્ઞાનિક અને શિક્ષક છે. ભારતમાં દર ૫ હજારે


એક બાવો અને

એક અભણ નેતા છે.

આમાં શુ દેશ વિશ્વ ગુરૂ બને ?

# હેપ્પી ડોટર્સ ડે...

દિકરી બોલતા જ મોં માં કેટલી મીઠાશ આવી જાય છે! કેમ કે દિકરી હોય છે જ એવી કે જે બે કુંટુંબમાં મીઠાશ ઘોળે છે.દિકરી પિતાનું અભિમાન અને માતાનો પડછાયો છે.દિકરીના જન્મ સાથે જ માં-બાપના પણ અનેક સપનાઓનો પણ જન્મ થાય છે,તેને ભણાવવા ગણાવવાના, તેને પગભર કરવાના, તેને પરણાવવાના જેવા અનેક સપના. આ સપના જોવામાં આંગણાંમાં પા પા પગલી કરતી દિકરીનાં ઝાંઝરનો ઝણકાર ક્યારે તેની સ્કુટીનો હોર્નનો રણકાર બની જાય છે તે પણ ખબર નથી પડતી.દિકરીના પ્રેમમાં આપણે એટલા ઓતપ્રોત થઈ જઈએ છીએ કે આપણને એ ગમે તેટલી મોટી થાય તો પણ તેને પા પા પગલી કરતી જ જોઈએ છીએ. અને જ્યારે એને બીજા ઘરે વળાવવાનો સમય આવે છે ત્યારે આપણને લાગે છે કે અરે હજુ તો આપણે તેને પૂરા લાડ પણ નથી કર્યા તેની સાથે નિરાંતની પળો નથી માણી ત્યાં



તેને જવાનો સમય થઈ ગયો, દિકરી સાથે ગમે તેટલો સમય ગાળીએ હંમેશા ઓછો જ લાગે છે.

દિકરી પણ કેટલી સમજદાર હોય છે કે અજાણ્યા ઘરને તે પોતાનું બનાવી લે છે અને જેમ દૂધમાં સાકર ભળે તેમ બધામાં ભળી જઈ પોતાના માતાપિતા?ના સંસ્કારની મીઠાસ બધે પ્રસરાવે છે.

ખરેખર દિકરી છે તો જ આ સંસાર છે કેમકે એક જીવનું નવ સર્જન કરવા એક દિકરીની જ તો જરૂર પડે છે.તો દિકરીને ધિક્કાર કરનાર ધિક્કાર પાત્રતો તમે છો જે દિકરીને કોખમાં જ મારી નાખી આ સુંદર સૃષ્ટિને વિનાશ તરફ દોરી રહ્યા છો.

અરે દિકરી તો તેને ત્યાં જ હોય જે ભાગ્યશાળી હોય, કેમકે જે ઘરમાં દિકરી હશે તે ઘર કલાત્મકતાથી શણગારાયેલું હશે એના બારણે તોરણથી સુશોભિત હશે,વડીલો એટલે તો પહેલાંના જમાનામાં નવપરિણીતને એવા આશિષ આપતાં કે તમારે દ્વાર ભાગ્યનું તોરણ ઝુલતુ રહે એટલે કે તમારા ઘરે દિકરી લક્ષ્મીરૂપે અવતરે અને ભાગ્ય નિખરે. જે ઘરમાં ભલે સંગીતની સો સૂરાવલી વહેતી હોય પણ દિકરીનાં ઝાંઝરના ઝણકારનો સૂર નથી તે ઘર સુનું છે.

માટે આ દિકરી દિવસના દિવસે જે કુટુંબમાં દિકરીના ઝાંઝરનો ઝણકાર છે તે કુંટુંબોને ખૂબ ખૂબ અભિનંદન.

: મેઘલ કિશોરભાઇ ઉપાધ્યાય રાજકોટ

(ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય ગ્રુપ બ્રાન્ડ એમ્બેસેડર)

# અમદાવાદમાં રવિવારે ખાણી-પીણી અને મોટા માર્કેટ રહ્યા બંધ

અમદાવાદ,તા.૨૭

ગુજરાતમાં કોરોના સંકટ દિવેસને દિવસે ઘેરું બની રહ્યું છે, દરરોજ વધી રહેલા કોરોનાના આંકડા ખરેખર ચિંતાજનક છે. ત્યારે અમદાવાદમાં કોરોનાનું સંક્રમણ અટકાવવા એએમસી દ્વારા પ્રયાસને વધુ ઝડપી બનાવવામાં આવી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, અમદાવાદ મનપા દ્વારા ભીડ નિયંત્રિત કરી કોરોના સંક્રમણ અટકાવવા પ્રયાસ કરાઇ રહ્યાં છે. નોંધનીય છે કે, ખાણી-પીણી અને મોટા માર્કેટ બંધ રહ્યા હતા. લૉ-ગાર્ડન ખાતે આજે વેપાર-ધંધા બંધ રાખવામાં આવ્યો હતો. વેપારીઓ સ્વયંભૂ બંધ રાખે તે માટે પ્રયાસ હાથ ધરાયા છે. ઉલ્લેખનીય છે કે, અમદાવાદ અને સુરતમાં કોરોનાનો કહેર વધુ જોવા મળી રહ્યો છે. વારંવાર અપીલ છતાં નાગરિકો બેદકાર બની રહ્યા છે ત્યારે હવે લૉ-ગાર્ડન ખાતે આજે વેપાર-ધંધા બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. જેથી ભીડ ઓછી થાય અને કોરોનાનો ફેલાવો અટકાવી શકાય. અમદાવાદમાં કોરોનાનું સંક્રમણ રોકવા એએમસીએ કડક કાર્યવાહી કરી છે.

## અરવલ્લી પોલીસનું રાઉન્ડ ઘી ક્લોક પેટ્રોલિંગ

# શામળાજી -ઉદેપુર હાઈવે સુમસામ : ઢાબા અને રોડ પર ટ્રકનો ખડકલો, ટ્રક ચાલકો રસ્તા પર પડી રહેવા મજબુર

અરવલ્લી બ્યુરો મોડાસા

રાજસ્થાનમાં છેલ્લા ૧૫ દિવસોથી શિક્ષક ભરતીના મામલે આંદોલન ચાલી રહયું છે.પરંતુ આ ભરતી આંદોલનમાં ગુરુવારે રાત્રીથી ઉગ્રરૂપ ધારણ કરતા આંદોલનકારીઓએ વાહનો સળગાવી દેવા પેટ્રોલપંપ ઉપર હુમલાથી માંડી ફરજ પરના સરકારી કર્મીઓ ઉપર ભારે પથ્થરમારાના વધતા બનાવો બાદ હિંસક બની રહેલ આ આંદોલન વધુ વિસ્તારોમાં વકર્યું છે. આંદોલનને પગલે નેશનલ હાઈવે બંધ કરાતાં પ્રશાસન દ્વારા વાહનો અન્ય માર્ગો ઉપર ડાયવર્ટ કરાયા હતા.જોકે આ આંદોલનની કોઈ અસર જિલ્લાના સરહદી વિસ્તારમાં નહી હોવાનું અને કાયદો વ્યવસ્થાની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણમાં હોવાનું પોલીસવડાએ જણાવતાં રાહત પ્રસરી હતી.

જીલ્લા પોલીસવડા સંજય ખરાતે સરહદી વિસ્તારમાં આદિવાસી સમાજના અગ્રણીઓ સાથે મીટિંગ યોજી અરવલ્લી જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચર્ચા કરી તમામ લોકોને સંયમ જાળવવા જણાવ્યું હતું આંદોલનને પગલે નેશનલ હાઈવે બંધ કરાતાં પ્રશાસન દ્વારા વાહનો અન્ય માર્ગો ઉપર ડાયવર્ટ કરાયા હતા.હાલ શામળાજી-ઉદેપુર હાઈવે તકેદારીના ભાગ રૂપે બંધ કરવામાં આવતા ટ્રક ચાલકોની રોડ પર કતારો લાગી છે હાલ તો ટ્રક ચાલકો જ્યાં જગ્યા મળી ત્યાં ટ્રક પાર્ક કરી રહ્યા છે મોડાસા ટોલપ્લાઝા થી શામળાજી સુધી ટ્રક પાર્ક કરેલા અને રોડ સાઈડ ઠેર ઠેર જોવા મળી રહ્યા છે .નેશનલ હાઈવે.નં-૮ શામળાજી થી રાજસ્થાનમાં પ્રવેશ બંધ કરવામાં આવતા ટ્રક તથા અન્ય વાહનોને અંબાજી-છીપરી ચેકપોસ્ટ તરફ ડાઈવર્ટ કરી દેવામાં આવ્યા છે. જેથી અંતર વધી ગયું છે. જ્યારે કેટલાક ટ્રકવાળાઓએ હાઈવે પર



આવેલા ઢાબા પર ટ્રક પાર્ક કરી દીધા છે. અત્યારે રાજસ્થાન બોર્ડર બંધ કરી દેવાતા અરવલ્લી હાઈવે સુમસામ બની ગયો છે. શ્યામલાજી-ઉદયપુર હાઈવે સતત ધમધમતો હાઈવે છે. પણ આ આંદોલનને કારણે હાઈવે પર કોઈ ચહલપહલ નથી. હજારો ટ્રક હાઈવે પર આવેલી હોટેલ પર થંભી ગયા છે. અમદાવાદ-ઉદયપુર હાઈવે છેલ્લા ૩૬થી પણ વધારે કલાકથી બ્લોક કરી દેવામાં આવ્યો છે. ડુંગરપુર અને બાંસવાડામાં ઈન્ટરનેટ સેવા બંધ કરી દેવામાં આવી છે. આ આંદોલનને વેગ આપવા માટે ઉત્તર ગુજરાતના આદિવાસી વિદ્યાર્થીઓ તરફથી શ્યામલાજી પાસે આંતર રાજ્ય બોર્ડર નજીક આશ્રમ ચાર રસ્તા પાસે ચક્કાજામ કરી દેવામાં આવ્યું છે.

અરવલ્લી જિલ્લાના પોલીસ વડા સંજય ખરાતે જણાવ્યું હતું કે, હાલ સ્થિતિ નિયંત્રણમાં છે. ચુસ્ત પોલીસ બંદોબસ્ત તહેનાત કરવામાં આવ્યો છે. આ આંદોલનની અસર જિલ્લાના સરહદી વિસ્તારમાં નથી. ડુંગરપુર નજીક શુક્રવારે બપોરે ૨૦ વાહનોને આગચંપી કરવામાં આવી હતી. નેશનલ હાઈવે ૮ બંધ કરી દેવામાં આવ્યો છે. જે હિંમતનગર-શ્યામલાજીથીને ઉદયપુર સુધી જાય છે. આ આંદોલનને કારણે હાઈવે પરની ચહલપહલ ઘટી ગઈ છે. હાઈવે પર વાહનોના થપ્પા લાગી ગયા છે. જેના કારણે અનેક લોકો અટવાયા છે. બે વર્ષ પહેલા શિક્ષકોની ૫૪૩૧ જગ્યા પર ભરતી કરવામાં આવી હતી. જે ભરતી પ્રક્રિયા દરમિયાન બેઠકોની ઠરાવેલ ટકાવારી અનુસાર આદિજાતિની ૫૮૯ અને અન્ય ૯૬૫ જગ્યાઓ પર ઉમેદાવારોની ભરતી કરવામાં આવી હતી. બાકી રહેલી જગ્યાઓ પર આદિજાતિ વિદ્યાર્થીઓનો ઉમેદવારીનો પ્રશ્ન છેડાયો છે. આ ટકાવારી અને બેઠકોના મુદ્દે આંદોલન શરૂ થયું હતું. જેને શુક્રવારે એક હિંસક રૂપ ધારણ કર્યું હતું.

## ગુજરાત વિધાનસભામાં

# ધારાસભ્ય તરીકે ઉત્કૃષ્ટ કામગીરી કરનારા સભ્યોને એવોર્ડ આપવાની યોજનાની જાહેરાત કરવામાં આવી



દેશ ની સંસદીય પ્રણાલી માં જન પ્રતિનિધિ તરીકે ગૃહમાં શ્રેષ્ઠ યોગદાન આપનારા સભ્યોને શ્રેષ્ઠ સભ્ય તરીકે લોકસભા, રાજ્યસભા માં સન્માનવા ની પરંપરા છે

ભારતીય સંસદ ના બંને ગૃહોમાં અત્યાર સુધી કુલ ૨૩ સભ્યોને ઉત્કૃષ્ટ કામગીરી માટે એવોર્ડ આપવામાં આવેલા છે

ગુજરાત વિધાન સભાએ આ પ્રણાલીને અનુસરતા શ્રેષ્ઠ વિધાનસભ્ય ના એવોર્ડ આપવાની પ્રથા શરુ કરી છે. ગુજરાત વિધાનસભા માં ધારાસભ્ય તરીકે ઉત્કૃષ્ટ કામગીરી કરનારા સભ્યોને એવોર્ડ આપવાની યોજનાની તા. ૨૮/૨/૨૦ ના રોજ જાહેરાત કરવામાં આવી હતી

તદનુસાર રાજ્યના શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા ની વર્ષ ૨૦૨૦ માટે અને વર્ષ ૨૦૧૯ માટે વરિષ્ઠ ધારાસભ્ય શ્રી મોહનસિંહ રાઠવાની પસંદગી કરવામાં આવી છે

ગુજરાત વિધાન સભા ના હાલ ચાલી રહેલા સત્ર ના ચોથા દિવસે આ બેય સભ્યશ્રીઓ ને વિધાન સભા ગૃહ ના નેતા અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી વિધાન સભા અધ્યક્ષ શ્રી રાજેન્દ્ર ત્રિવેદી નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિન ભાઈ પટેલ અને વિપક્ષના નેતાશ્રી પરેશ ભાઈ ધાનાણી તેમજ વિધાન ગૃહ ના સભ્યો ની ઉપસ્થિતિ માં શ્રેષ્ઠ વિધાયક એવોર્ડ થી સન્માનિત કરવામાં આવ્યા હતા

મુખ્ય મંત્રીશ્રી વિજય ભાઈ રૂપાણી એ ગુજરાત વિધાન સભા માં આ નવિન પરંપરા શરૂ કરવા માટે વિધાન સભા અધ્યક્ષશ્રી ને અભિનંદન આપ્યા હતા

મુખ્યમંત્રીશ્રી એ આ અવસરે કહ્યું કે વિધાન સભા અને લોક સભા એ દેશની લોકશાહી ના મૂલ્યો ના જતન અને તેને સાચવવા સંવર્ધન માટે ના સવોર્ચ કેન્દ્રો છે તેને લોકશાહી ના મંદિર કહેવાયા છે ત્યારે એ મંદિર માં બેસનારા સૌ નું વર્તન વિચાર વાણી પ્રજાના પ્રશ્નોને વાચા આપવાની સક્રિયતા એવા હોય કે એ બધા માટે માર્ગદર્શક અને પ્રેરણા રૂપ બને

શ્રી વિજય ભાઈ રૂપાણી એ ગુજરાત વિધાન સભા માં શરુ થયેલી આ પ્રણાલી આવનારા દિવસોમાં વધુ ઉજ્જ્વળ બનશે તેમજ પ્રજાના પ્રતિનિધિઓ માટે એક નવી પરિપાટી ઊભી કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો

મુખ્યમંત્રીશ્રી એ પોતાના રાજ્ય સભાના સભ્ય તરીકેના કાર્યકાળ નું સ્મરણ કરતાં કહ્યું કે સારા સાંસદ કે વિધાયક બનવા માટે સારા શ્રોતા અને ગૃહમાં નિયમિત હાજરી, અવલોકન શક્તિ આવશ્યક છે. આવા સભ્ય જયારે કોઈ રજૂઆત કરે કે ચર્ચાને અંતે સહભાગી થાય ત્યારે સચોટતા અને બારીકાઇ થી રજૂઆત કરતા હોય છે.આ સંદર્ભમાં મુખ્ય મંત્રીશ્રીએ પ્રજાના સૌ પ્રતિનિધિઓ, ગૃહના સભ્યોને આ માર્ગે અનુસરવા અપીલ પણ કરી હતી

તેમણે આ બેસ્ટ પાર્લામેન્ટરિયન એવોર્ડ એ ગુજરાત વિધાનસભાનું અને ઉચ્ચ લોકશાહી મૂલ્યોનું ગૌરવ દેશભરમાં વધારશે એવી શ્રદ્ધા દર્શાવી હતી

# સિધ્ધપુર ખાતે આમ આદમી પાર્ટીની કાર્યકરણી બેઠક યોજાઇ



સિધ્ધપુરમાં દેથળી ચાર રસ્તા પાસે આવેલ વિજય શોપિંગ સેન્ટર શિસ્થ આમ આદમી પાર્ટીની કાર્યાલય ખતે કાર્યકરણી બેઠક યોજાઇ હતી. જેમાં આગામી નગરપાલિકાના ચૂંટણીને લઈ શહેરના તમામ ૯ વૉર્ડ ના ૩૬ ઉમેદવાર લડાવવા તેમજ જીતાડવા માટેનું મંથન કરવામાં આવ્યું તેમજ આગામી તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત તેમજ સહકારી સંસ્થાઓ માં પોતાના પક્ષ નો પગ પેસરા કરવા માટે શું કરવું તેમજ શહેરના ચર્ચિત પ્રજા લક્ષી મુદ્દાઓ તેમજ જનતાને પડતી મુશ્કેલીઓ નું નિરાકરણ માટે મંથન કરવામાં આવ્યું હતું જેમાં આ કાર્યકરણી બેઠક માં આમ આદમી પાર્ટીના પાટણ જિલ્લા પ્રભારી સુરેન્દ્ર ગુપ્તા , પાટણ જિલ્લા મહિલા પ્રમુખ નિધિ વ્યાસ , પાટણ શહેર મહિલા ઉપપ્રમુખ નીતાબેન પટેલ , પાટણ જિલ્લા ઉપપ્રમુખ નિરવ શુકલ , પાટણ જિલ્લા મહામંત્રી વિષ્ણુ પટેલ , સિધ્ધપુર તાલુકા પ્રમુખ રમેશ રાવળ , સિધ્ધપુર તાલુકા મહામંત્રી અરવિંદ પટેલ , સિધ્ધપુર તાલુકા સહ મંત્રી પિયુષ યોગી , સિધ્ધપુર શહેર સહ મંત્રી વિજય પ્રજાપતિ તેમજ આમ આદમી પાર્ટીના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

## એકજુટ બની ચુંટણીમાં કામે લાગી જવા કાર્યકરોને આગેવાનો ની શીખ.

# કેશોદ શહેર-તાલુકા માં આવનારી સ્થાનિક ચુંટણી માટે શંખ ફુંકતો કોંગ્રેસ પક્ષ

કેશોદઃ(રાજુભાઈ પંડ્યા)

રાજ્ય ચુંટણી પંચ દ્વારા આવનારાં દિવસોમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી યોજવાની વહીવટી પ્રક્રિયા શરૂ કરી છે ત્યારે રાજકીય પક્ષો દ્વારા પણ ચોકઠાં ગોઠવવા આગેવાનો ને જવાબદારી આપી કાર્યકરો વચ્ચે પહોંચી નાડ પારખવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. કેશોદ શહેર-તાલુકા માં યોજાનારી નગરપાલિકા, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત ની સામાન્ય ચૂંટણી માટે કોગ્રેસ પક્ષ દ્વારા કાર્યાલયનો શુભારંભ અક્ષયગઢ સ્વામિનારાયણ ગુરુકુળ નાં સ્વામીઓ ની ઉપસ્થિતિ માં કરવામાં આવેલ છે. કેશોદ પંથકના કાર્યકરો આગેવાનો નું સંમેલન યોજાયું હતું જેમાં મહેમાનો નું પુષ્પગુચ્છ થી



અને શબ્દો થી સ્વાગત કરવામાં આવ્યું હતું. જુનાગઢ જીલ્લાના કોંગી ધારાસભ્ય ભીખાભાઈ જોષી, બાબુભાઈ વાજા સહિત જીલ્લા કોંગ્રેસ પ્રમુખ નટુભાઈ પોકીયા, પુર્વ ધારાસભ્ય હમીરભાઈ ધુળા અને આગેવાનો એ પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું કે સ્થાનિક વાદવિવાદ ભુલી એકજુટ બની ચુંટણીમાં કામે લાગી જવા હાકલ કરવામાં આવી હતી.

કેશોદ શહેર કોંગ્રેસ પ્રમુખ સમીરભાઈ પાંચાણી અને તાલુકા કોંગ્રેસ પ્રમુખ અશ્રૃવિનભાઈ ખટારીયા એ ચુંટણી માટે શંખ ફુંકી જાહેર કર્યું હતું કે જે કાર્યકરો સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ કોંગ્રેસ પક્ષના ઉમેદવાર તરીકે લડવા ઈચ્છતા હોય તેઓ પોતાની માહિતી મોકલી આપે ત્યારબાદ દરેક વિસ્તારોમાં મીટીંગ બોલાવી વિસ્તૃત ચર્ચા વિચારણા કરવામાં આવશે. કેશોદ શહેર તાલુકામાં ગત યોજાયેલી સામાન્ય ચૂંટણી સમય પાટીદાર અનામત આંદોલન નાં કારણે કોંગ્રેસ તરફી માહોલ હતો ત્યારે તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયત ચૂંટણી માં બહુમતી મળી હતી ત્યારે કેશોદ નગરપાલિકા માં વિરોધ પક્ષ માં બેસવાનું જન સમર્થન મળ્યું હતું. ધારાસભાની ચૂંટણી અને લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ છોડીને સંખ્યાબંધ આગેવાનો અને ચુંટાયેલા પ્રતિનિધિઓ ભાજપ માં જોડાઈ ગયા છે.

કેશોદ ગ્રામ્ય વિસ્તારોમાં અતિવૃષ્ટિ નાં કારણે ઉભાં પાકને નુક્સાન થયું છે ત્યારે સરકાર વિરુદ્ધ ખેડૂતો માં રોષ જોવા મળી રહ્યો છે ત્યારે શહેરી વિસ્તારોમાં આવશ્યક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં કરોડો રૂપિયા ખર્ચવા છતાં ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોવાનું ધ્યાને પડતાં સતાધારી પક્ષ થી મતદારો માં નારાજગી જોવા મળે છે. કેશોદ શહેર તાલુકામાં યોજાનારી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓ માં ઉમેદવારો ની પસંદગી મહત્વની ભૂમિકા ભજવે છે ત્યારે આવનારાં દિવસોમાં વધું ચિત્ર સ્પષ્ટ થશે.

# પત્ની રિસાઈને જતા યુવકે તેના ભાઈના મકાનમાં આગ લગાડી દીધી, ખોટું કર્યું હોવાનો અહેસાસ થતા યુવકે ગળેફાંસો ખાઈ લીધો

અરવલ્લી બ્યુરો મોડાસા

કોરોના વૈશ્વિક મહામારીમાં લોકોનું માનસિક સંતુલન પણ બગડી રહ્યું છે આત્મહત્યા,હત્યા અને હુમલાની ઘટનાઓ સતત બની રહી છે અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના શામળાજી નજીક આવેલા લૂસડિયા ગામે આવી જ એક ઘટના સામે આવી છે જેમાં એક યુવકની પત્ની રિસાઈ પીયર જતી રહેતા યુવકે જાણે માનસિક સંતુલન ગુમાવ્યું હોય તેમ તેના ભાઈ સાથે ઝગડો કરી મકાનમાં આગ લગાવી દેતા સરસામાન સળગી ગયો હતો ઘરમાં આગ લગાડનાર યુવકે ઉશ્કેરાટમાં ખોટું પગલું ભર્યું હોવાનો અહેસાસ થતા તેના ઘરે જઈ આત્મહત્યા કરી લેતા ભારે ચકચાર મચી હતી શામળાજી પોલીસે ઘટનાસ્થળે પહોંચી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી . શામળાજી નજીક આવેલ લુસડીયા ગામે સંયુક્ત કુટુંબમાં બધાં ભાઈઓ રહે છે શામળાજી પોલીસ સ્ટેશન માં વિનોદ ધુળા ઘાટીયા.રહે લુસડીયા વાડા એ પોતાના ભાઈ ની સામે જ ફરિયાદ નોંધાવી છે તે ભાઈ પણ મરણ પામેલ છે આ કામ નાં ફરીયાદી અને.આરોપી બન્ને સગાં ભાઈઓ છે રાકેશ ભાઈ ધુળાભાઈ ઘાટીયા.ઉ.વર્ષ.૪૫ રહે.લુસડીયા ની પત્ની રીસાઈ ને પીયર જતી રહેતા રાકેશભાઈ ને લાગી આવતા આવેશમાં આવી પોતાનાં ભાઈ સાથે ઝગડો કરીને ધમાલ કરી ને ઘરની અંદર પડેલ ઘરવખરી તથા સામાન ને આગ ચાંપી દેતા જોતા માં આગે.વિકરાળ સ્વરુપ ધારણ કરતાં મકાન આગમાં બળી ને ખાખ થઈ ગયું હતું પોતાના ભાઈ નાં મકાન ને આગ લગાવી દીધી તેનું ભાન થતાં મનમાં લાગી આવતાં પોતાના ધરમા જઈ જાતે ગળેફાંસો ખાઈ રાકેશ ભાઈ ઘાટીયા.એ આત્મ હત્યા કરી દીધી હતી આ ની જાણ તેમના ભાઈ વિનોદભાઈ ધોટીયાએ શામળાજી પોલીસ નેં જાણ કરતા પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને લાશને પીએમ માટે શામળાજી સી એસ.સી ખાતે લાવવામાં આવ્યો હતો વધુ તપાસ શામળાજી પી એસ આઇ એ.એમ.દેસાઈ.વધુ તપાસ હાથ ધરી છે.

# ઈકો કાર માલિકને કંપનીમાં ભાડે લેવાનું જણાવી સાયલન્સરમાંથી ધાતુ સેરવી લેતા બે ચોરને અરવલ્લી એલસીબીએ દબોચ્યા

અરવલ્લી બ્યુરો મોડાસા

અરવલ્લી જીલ્લામાં ઈકો કારના સાયલન્સરની ચોરી કરતી ગેંગ સક્રિય થઇ ગણતરીના દિવસોમાં ચાર થી વધુ ઈકો કારના સાયલન્સર ચોરી લીધા હતા ત્યારે મેઘરજના રાંજેડીના યુવકે હિંમતનગરના એક શખ્શ સાથે મળી ઈકો કારના સાયલન્સરમાંથી મળતી કિંમતી ધાતુની ચોરી કરવા અલગ જ પ્રકારની મોડસ ઓપરેન્ડીસ અપનાવી ૨૨ ઈકો કારના સાયલેન્સરમાંથી કિંમતી ધાતુ કાઢી લીધું હતું જેમાં રાંજેડીનો યુવક ઈકો કાર માલિકને અંબુજા કંપનીમાં ઉંચા ભાડે કાર ભાડે જોઈએ છે જણાવી કાર માલિકને હિંમતનગર એક શખ્શ પાસે લઇ જઈ કાર કંપનીમાં બતાવવા જવાનું જણાવી કાર માલિકને હિંમતનગર બાયપાસ ટોલનાકાની નજીક આવેલ ઓફિસે ઉભો રાખી ઈકો કારને લઇ જઈ સાયલન્સરમાંથી કિંમત ધાતુ કાઢી લઈ કાર માલિકને પરત કરી કાર માલિકને ૫૦૦ રૂપિયા ઇંધણના આપી રવાના કરી દેતા હતા મોટા ભાગના કાર માલિકોને બંને શખ્સોએ ઈકો કારના



સાયલન્સરમાંથી કિંમતી ધાતુ કાઢી લીધી હોવાની ખબર સુદ્ધાં પડતી ન હતી અઢી મહિના અગાઉ આ બંને શખ્શનો ભોગ બનેલ પંચાલ ગામના ઈકો કાર માલિક બિપીન ભગોરાએ કારના સાયલન્સરનો અવાજ બદલાતા ગેરેજમાં બતાવતા સાયલન્સરમાથી મેટાલિક કન્વર્ટર કાઢી લીધું હોવાની જાણ થતા મેઘરજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા અરવલ્લી એલસીબી પોલીસે સાયલન્સરમાંથી ધાતુની ચોરી કરતા ૨ ચોરને ઝડપી પાડયા હતા અરવલ્લી એલસીબી પીઆઈ આર કે પરમાર અને તેમની ટીમે મેઘરજ ના રાંજેડી ગામના સચિન ધીરજભાઈ બામણા અને હિંમતનગરના ચંદનગરમાં રહેતા તાહીરહુસેન મહમદશા દીવાનને ઝડપી લઈ અરવલ્લી, સાબરકાંઠા, ગાંધીનગર સહીત વિસ્તારોમાંથી ૨૨ ઈકો કાર માલિકોને કાર કંપનીમાં ભાડે આપવાના બહાને ઈકો કારના સાયલન્સરમાંથી કિંમતી ધાતુ કાઢી લીધું હોવાનો પર્દાફાશ કર્યો હતો મેઘરજનો રાંજેડી ગામનો સચિન બામણા મેઘરજ સહીત અન્ય વિસ્તારોમાં ઈકો કાર માલિકો સાથે સંબન્ધ બનાવી ખાનગી કંપનીમાં મહિને ૪૦ હજાર ભાડું અપાવવાનો વિશ્વાસ અપાવી કારમાલિકને ડોક્યુમેન્ટ સાથે હિંમતનગર ઓફિસ ધરાવતા તાહીરહુસેન પાસે લઈ જઈ કાર અને કારના કાગળિયા કંપનીમાં બતાવવા પડશે તેમ જણાવી કાર માલિકને ઓફિસે બેસાડી સચિન કાર લઇ જઈ કારના સાયલન્સર માંથી કિંમતી ધાતુ કાઢી લઈ ગણતરીના સમયમાં કાર પરત લઇ આવી કાર માલિકને કાર કંપનીને પસંદ હોવાથી આવતા મહિનાથી ભાડે બાંધવામાં આવશેનું જણાવી ઇંધણના ૫૦૦ રૂપિયા આપી રવાના કરી દેતો હતો

## ખેડૂતો આનંદો/ સરકારે કર્યો મહત્વનો નિર્ણય, કાંટાળી તાર યોજનામાં સબસીડીમાં કર્યો વધારો



# માણાવદર તાલુકાના એકલેરા ગામે એક પરિવારને રોકડ અને અનાજ કીટની સહાય કરવામાં આવી



માણાવદર તાલુકાના એકલેરા ગામમાં રહેતા ખોડાભાઈ વેગડા પોતાની બે પુત્રીઓ અને પત્ની સાથે જીવન પસાર કરે છે. ખોડાભાઈ વેગડાની બે દિકરી માની એક દિકરી માનસિક બિમાર છે. દિકરીની સારવાર માટે પોતાના પિતાએ ઘરની તમામ વસ્તુઓ વેચી નાખી આજીવિકા માટે પોતાની પાસે રીક્ષા હતી તે પણ વેચાય ગઈ દિકરીની માનસિક બિમારી જોઇને માતા પણ પાગલ થઈ ગઈ આ પરિસ્થિતિ જોઈને નાની દિકરી પણ માનસિક બિમાર થઈ ગઈ. પિતા પર આભ તૂટી પડ્યું તેવી મુશ્કેલીઓ આવી પડે હાલ લોકડાઉનને કારણે બાળકો અને પુત્રીઓનું ભરણ પોષણ કરવું એ મુશ્કેલ હતું.

આવા સમયે જુનાગઢ જિલ્લાના બાળ સુરક્ષા અધિકારી તેમજ તેમના અધિકારી મિત્રો દ્વારા પોતાના ખીચા ખર્ચમાંથી રોકડ રકમ એકત્ર કરી આ કુટુબને પાંચ માસ ચાલે તેટલું અનાજ કરીયાણુ તેમજ રોકડ રકમ રૂપિયા ૬ હજાર આપવામાં આવ્યાં આ સમયે બાળ સુરક્ષા અધિકારી આર.સી મહીડા ન્યાય ધીસ અટોદરિયા સાહેબના હસ્તે અનાજ કીટ તેમજ રોકડ સહાય આપવામાં આવી.

આ સરાનીય કામગીરીમાં નાયબ નિયામક સમાજ કલ્યાણ ખાતાના મીશ્રા સાહેબ. ફેમેલી કોર્ટના ન્યાય ધીસ સિંગલ સાહેલ . દહેજ પ્રતિબંધક અધિકારી જાદવ સાહેબ. એસબીઆઇ જુનાગઢ બ્રાચ મેનેજર યસવંત સાહેબ સમાજ કલ્યાણ અધિકારી પરમાર સાહેબ વગેરે અધિકારી મીત્રોએ સહાયમાં પોતાનું યોગદાન આપ્યું હતું

તસ્વીર - અહેવાલ - જીજ્ઞેશ પટેલ માણાવદર

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.